# આચાર સંહિતા

## આપણો માર્ગદર્શક તારો



It's all good™

# ઈમાનદારી પ્રામાણિકતા નિષ્પક્ષ વ્યવહારો

## સારી નૈતિકતા એ સારા વ્યવસાયની સૂચક છે

### આપણાં મૂલ્યો

- આપણે દરરોજ આપણા ગ્રાહકો અને ઉપભોક્તાઓના ચહેરા પર સ્મિત ફરકાવવા માટે કામ કરીએ છીએ
- આપણે આપણા લોકો, આપણા ઉત્પાદનો અને આપણા વ્યવસાયમાં સતત સુધારાની કદર કરીએ છીએ
- આપણે “કરી શકવાની” ભાવનાને હૃદયમાં સંઘરી રાખીએ છીએ: પ્રયત્ન કરીને નિષ્ફળ જવામાં વાંધો નથી; પણ પ્રયત્ન કરવામાં નિષ્ફળ જવું જરાય બરાબર નથી
- આપણે જુદા તરી આવવામાં માનીએ છીએ: નવા વિચારો, નવીનતા અને તફાવત પાડનારા ગુણો અગત્યના છે
- આપણે સંયોજિત કાર્ય અને વિચારોની આપલેની કદર કરીએ છીએ
- આપણે એક એક કરીને બજાર સર કરીએ છીએ, અને આપણા વૈશ્વિક સ્તરનો લાભ લઈને સરસાઈ સર્જીએ છીએ
- આપણે માનીએ છીએ કે ઈમાનદારી, પ્રામાણિકતા અને નિષ્પક્ષ વ્યવહારો આપણી સફળતાનો એક અભિન્ન ભાગ છે - સારી નૈતિકતા એ સારા વ્યવસાયની સૂચક છે
- આપણે “જેવો દેશ તેવો વેશ” આપનાવીશું: આપણે બહુસાંસ્કૃતિક છીએ અને આપણને આપણા લોકો, આપણા કુટુંબો અને આપણા સમુદાયની કદર કરીએ છીએ
- આપણે એક પારિવારિક વ્યવસાય હોવાનો ગૌરવ અનુભવીએ છીએ

## સાથે મળીને

## વિકાસ સાધવો

# અનુક્રમણિકા


પ્રમુખ અને મુખ્ય કાર્યકારી અધિકારી તરફથી સંદેશ ........ 2

**આપણી વ્યવસાય કરવાની રીત**

- તમારી પાસેથી શું અપેક્ષિત છે ........ 4
- સંહિતા અને કાયદો ........ 6
- ચિંતાઓ વ્યક્ત કરવી ........ 7
- સંહિતાને સમજવી ........ 8

**આપણી વ્યવસાય કરવાની રીત: આપણે અન્ય લોકો સાથે કેવો વ્યવહાર કરીએ છીએ**

- ગ્રાહકો, પુરવઠાકારો, ઉપભોક્તાઓ અને પ્રતિસ્પર્ધીઓ સાથે આદરપૂર્ણ વ્યવહાર કરવો ........ 10
- વિવિધતા અને સમાવેશ ........ 11
- ભેદભાવ અને હેરાનગતિ ........ 11
- ગુપ્તતા ........ 12

**આપણી વ્યવસાય કરવાની રીત: બજારમાં**

- નિષ્પક્ષ સ્પર્ધા ........ 14
- સ્પર્ધાત્મક સમજશક્તિ ........ 15
- આંતરરાષ્ટ્રીય વ્યવસાય ........ 16
- સરકાર સાથેનો વ્યવસાય ........ 17
- રાજકીય પ્રવૃત્તિઓ અને ફાળા ........ 18
- પર્યાવરણનું રક્ષણ કરવું ........ 20

**આપણી વ્યવસાય કરવાની રીત: કંપનીમાં**

- ખાનગી માહિતી ........ 22
- કંપનીની અસ્કયામતોનો યોગ્ય ઉપયોગ ........ 24
- વ્યવસાયના રેકોર્ડ્સ અને નિયંત્રણો ........ 25
- છેતરપિંડી ........ 27
- બાહ્ય સંદેશાવ્યવહાર ........ 28
- વ્યાવસાયિક આરોગ્ય અને સુરક્ષા ........ 29
- પદાર્થનો દુરુપયોગ ........ 30

**આપણી વ્યવસાય કરવાની રીત: હિતોનો સંઘર્ષ**

- વ્યવસાય બહારના હિતો અને રોજગાર ........ 32
- ગ્રાહકો, વિક્રેતાઓ અને પુરવઠાકારો સાથેના સંબંધો ........ 33
- સગાં-સંબંધીઓ ........ 33
- વાંધાજનક અથવા અયોગ્ય ચુકવણીઓ ........ 34
- સોગાતો અને મનોરંજન ........ 34

**સંસાધનો** ........ 37


It's all good™

# પ્રમુખ અને મુખ્ય કાર્યકારી અધિકારી તરફથી સંદેશ



To our Good People:


Our It's All Good philosophy starts with you: Good people, making good food with good ingredients. But what does good mean?

We make decisions every day that affect one another, our customers, consumers, suppliers and the company. How we choose to act can expose us to great risk or can build the trust of all who work with and rely on us, improve our workplace and enhance our reputation – our most treasured asset to preserve and protect.

Our Code of Business Conduct sets the expectation for what it means to be "good" at McCain. Good is defined by our core value of ethical business conduct, and it is this value that forms the foundation of our Code. It is our individual responsibility and a matter of personal integrity to act and behave in a manner which reflects our core values in every business decision and interaction.

The Code of Conduct will help you make the right decision. If you ever find yourself in the difficult position of questioning whether a situation is consistent with our core values and Code, the Code will help guide you or help you reach people who are ready to help.

Our good people have been, and will continue to be, our greatest strength. With your commitment to living our values and abiding by this Code, we will achieve our goals the right way. As Harrison McCain said, "Good ethics is good business."



Dirk Van de Put
President & CEO
McCain Foods Limited

## આપણી વ્યવસાય કરવાની રીત


તમારી પાસેથી શું અપેક્ષિત છે

સંહિતા અને કાયદો

ચિંતાઓ વ્યક્ત કરવી

સંહિતાને સમજવી

# આપણી વ્યવસાય કરવાની રીત

McCain આચાર સંહિતા (સંહિતા) ઉદાહરણ દ્વારા સમજાવે છે કે આપણા હાર્દ મૂલ્યો અને આપણી તમામ બાબતોમાં કાયદેસર અને નૈતિક આચારણ પ્રત્યે આપણી કટિબદ્ધતા કઈ રીતે આપણી નિર્ણય લેવાની પ્રક્રિયાને દોરવણી આપે છે. તે એવી પરિસ્થિતિઓનાં ઉદાહરણો આપે છે કે જેનો સામનો આપણે આપણા રોજિંદા જીવનમાં કરી શકીએ, અને McCain Foods Limitedના તમામ કર્મચારીઓ, તેમજ તેની પ્રત્યક્ષ અને પરોક્ષ સહયોગી કંપનીઓ પાસેથી McCain જે વર્તણૂકનાં ધોરણોની અપેક્ષા રાખે છે તેનો ખુલાસો આપે છે.

આપણે જ્યાં પણ કામ કરીએ, ઈમાનદારી, પ્રામાણિકતા અને ન્યાયીપણું એ સારી વ્યાવસાયિક પ્રતિષ્ઠાના આધાર છે.

સારો વ્યવસાય

સારી નૈતિકતા

ઈમાનદારી પ્રામાણિકતા

નિષ્પક્ષ વ્યવહારો

## ઈમાનદારી, પ્રામાણિકતા અને નિષ્પક્ષ વ્યવહારોનો અર્થ છે જે યોગ્ય હોય તે જ કરવું.

**તમારી પાસેથી શું અપેક્ષિત છે**

McCain Foodsની પ્રતિષ્ઠા સાચવવા માટે, આપણે McCainનાં હાર્દ મૂલ્યોને જીવનમાં ઉતારવાની અને દરેકે દરેક દિવસ સંહિતાના સિદ્ધાંતોનું પાલન કરવાની ફરજ ધરાવીએ છીએ. અન્ય કર્મચારીઓને સંહિતા સમજવામાં અને તેનું પાલન કરવામાં મદદ કરવાની, અને શક્ય ઉલ્લંઘનો થાય કે તરત અથવા આપણે તેનાંથી પરિચિત થઈએ કે તરત તેની જાણ કરવાની પણ આપણી ફરજ છે.

**સંહિતાનું પાલન એ McCain Foods સાથેના દરેક સહકાર્યકરના રોજગારની શરત છે.**



કોઈ પ્રશ્ન અથવા ચિંતા છે? તમારી સ્થાનિક માનવ સંસાધન ટીમ સાથે વાત કરો અથવા codeconnection@mccain.com ને ઈમેલ કરો.

It's all good™

# આપણી વ્યવસાય કરવાની રીત

આપણાં દૈનિક પગલાં સંહિતા દ્વારા જ નહીં પરંતુ કાયદા, નિયમનકારી નીતિ અને વ્યક્તિગત પ્રામાણિકતા દ્વારા પણ નિયંત્રિત થાય છે. આખા દિવસ દરમિયાન આપણે દરેક આંતરક્રિયા કરતી વખતે અને નિર્ણય લેતી વખતે હંમેશા વિચારી લેવું જોઈએ કે આપણે જે પગલું લેવા જઈ રહ્યા છીએ તે સંહિતાનું પાલન કરે છે, કાયદેસર છે, નૈતિક છે કે કેમ અને આપણી અને કંપની ઉપર તેની સારી અસર થશે કે કેમ. કોઈપણ પગલા અંગે ખાતરી ન હોય ત્યારે આ સંહિતા અને તેનાં સંસાધનોમાંથી માર્ગદર્શન લો અને પોતાને આ પ્રશ્ન પૂછો: શું મને અખબારમાં મારાં પગલાં અંગે વાંચવાનું ગમશે, અથવા અન્ય લોકો તેનાં વિશે વાંચે એ ગમશે?

McCain Foods ખાતે આપણે સંહિતાને એવા સ્થાનિક કાયદાઓ મુજબ અમલમાં મૂકીએ છીએ કે જે આપણા નિર્ણયો અને પગલાંને દરેક પ્રદેશમાં જુદી રીતે અસર કરી શકે છે. કર્મચારીઓ તરીકે, આ કરવાની આપણી ફરજ છે:

- લાગુ પડતા તમામ કાયદાઓ અને કંપની નીતિઓ તેમજ પ્રક્રિયાઓનું પાલન કરવું
- સારો વિવેક વાપરવો અને અયોગ્ય વર્તણૂકનો દેખાવ સુદ્ધાં ટાળવો
- એકબીજા પ્રત્યે, આપણા પુરવઠાકારો, ગ્રાહકો, પ્રતિસ્પર્ધીઓ અને આપણા કાર્યક્ષેત્રમાંનાં સમુદાયો પ્રત્યે આદર અને વિશ્વાસ પર આધારિત કામનું વાતાવરણ પ્રોત્સાહિત કરવું
- ઈમાનદારી, પ્રામાણિકતાથી વર્તવું અને નિષ્પક્ષ વ્યવહારો કરવા
- તમામ હિતોનો સંઘર્ષ ટાળવો
- નિખાલસ સંવાદ સુનિશ્ચિત કરવો
- સુરક્ષિત અને સલામત કાર્યસ્થળ જાળવવું
- પર્યાવરણનું રક્ષણ કરવું
- સંહિતાના ઉલ્લંઘનોની ત્વરિતપણે જાણ કરવી

## McCain મેનેજમેન્ટ: ઈમાનદારી, પ્રામાણિકતા અને નિષ્પક્ષ વ્યવહારોની સંસ્કૃતિને ઉત્તેજન આપવું

નેતૃત્વ સાથે જવાબદારીઓ સંકળાયેલી હોય છે. મેનેજરો તરીકે તમારી પાસેથી યોગ્ય વર્તણૂકના દૃષ્ટાંતરૂપ બનવાની, સંહિતાની હિમાયત કરવાની અને આપણાં મૂલ્યો પર આધારિત સંસ્કૃતિને પ્રોત્સાહન આપવાની અપેક્ષા રાખવામાં આવે છે. ખાસ કરીને, સુનિશ્ચિત કરો કે તમારી નિરીક્ષણ હેઠળના લોકો સંહિતા હેઠળ તેમની જવાબદારીઓ સમજે, એવું વાતાવરણ સર્જો કે જેમાં કર્મચારીઓને સંહિતા અથવા કાયદાનાં સંભવિત ઉલ્લંઘનો અંગે તમારી પાસે ચર્ચા કરવા માટે આવતા ફાવે અને કર્મચારીને ક્યારેય સંહિતાના ઉલ્લંઘનમાં વર્તવા ન કહો અથવા વર્તવાનો નિર્દેશ ન આપો.

### મોકળું વાતાવરણ સર્જવું: પ્રશ્નો અને ચિંતાઓને પ્રતિસાદ આપવો

સમગ્ર સંહિતામાં કર્મચારીઓ પાસે સંહિતાને લગતા પ્રશ્નો અથવા ચિંતાઓ વ્યક્ત કરવા અથવા જણાવવાનો એક વિકલ્પ છે તેમનાં નિરીક્ષક અથવા સ્થાનિક માનવ સંસાધન, કાનૂની ટીમ અથવા નાણા નિયામકો પાસે જવું. એક મેનેજર તરીકે, જો McCainના કર્મચારી તમારી પાસે સંહિતાની બાબત લઈને આવે, તો તમારી જવાબદારી છે કે તમે ચિંતાને સાંભળો અને તેનું મૂલ્યાંકન કરો. જો તમને લાગે કે ચિંતાને લગતી તપાસ કરવાની જરૂર છે તો તમારા સ્થાનિક માનવ સંસાધન અથવા સ્થાનિક કાનૂની ટીમોનો સંપર્ક કરો. સુનિશ્ચિત કરો કે તમે ચિંતાને લગતી તમામ માહિતી ખાનગી રાખો, અને જરૂર મુજબ ફક્ત તપાસ સાથે સંકળાયેલા લોકો સાથે તેની આપલે કરો.

## આચાર સંહિતાની સ્વીકૃતિનું પ્રમાણપત્ર

### નવા કર્મચારીઓ:

રોજગારની શરત તરીકે, તમામ નવા કર્મચારીઓએ સ્વીકૃતિના પ્રમાણપત્ર પર સહી કરવી જરૂરી છે, જે જણાવે છે કે:

*મને McCain Foodsની આચાર સંહિતા મળી છે અને મેં તેને વાંચી છે અને હું સમજું છું કે તેનું પાલન કરવાની મારી ફરજ છે.*

જો સંહિતામાં કોઈ એવો વિભાગ હોય જે તમને ન સમજાતો હોય તો તમારા મેનેજર અથવા સ્થાનિક માનવ સંસાધન ટીમને સ્પષ્ટીકરણ આપવા કહો. મૅકકેન લર્નિંગ સેન્ટર (McCain Learning Centre) સંહિતાની ઑનલાઇન આવૃત્તિ પૂરી પાડે છે જે વિનામૂલ્ય હોય છે અને સરળતાથી સમજી શકાય છે. સુનિશ્ચિત કરો કે તમે આ સ્વીકૃતિના પ્રમાણપત્ર પર સહી કરતા પહેલાં સંહિતાને સમજી લો.

### કર્મચારી પુનઃપ્રમાણન:

દર વખતે સંહિતાનું પુનઃવિતરણ કરવામાં આવે ત્યારે તમામ વર્તમાન કર્મચારીઓએ સ્વીકૃતિના પ્રમાણપત્ર પર સહી કરવાની રહેશે. ઉપરાંત, ચોક્કસ પદો પરના કર્મચારીઓએ તેઓએ સંહિતાનું પાલન કર્યું હોવાની પુષ્ટિ આપતું એક વાર્ષિક પ્રમાણપત્ર પૂરું કરવાની અને તેનાં પર સહી કરવાની જરૂર હોઈ શકે છે. પ્રમાણપત્રો પૂરા ન કરનારી વ્યક્તિઓ સામે શિસ્તનું પગલું લેવામાં આવે તેમ બની શકે છે.

## સંહિતા અને કાયદો

આપણાં પગલાં પર દરરોજ ગ્રાહકો, પુરવઠાકારો, સાથી કર્મચારીઓ અને શૅરધારકો બારીક નજર રાખતા હોય છે અને તેઓને એક નૈતિક અને કાયદાનું પાલન કરનારી કંપની સાથે સંકળાવવું હોય છે અને તેઓ તેવી અપેક્ષા રાખતા હોય છે. કોઈપણ આપવાદ વિના, McCain Foods તેને અથવા તેની કામગીરીઓને લાગુ પડતા તમામ કાયદાઓનું કડકપણે પાલન કરવા કટિબદ્ધ છે. પાલન કરવામાં નિષ્ફળ જવાથી કંપની અને સંકળાયેલી વ્યક્તિ અથવા વ્યક્તિઓને નોંધપાત્ર દીવાની અથવા ફોજદારી દંડ થઈ શકે છે.

### કંપનીની તમામ બાબતોમાં કાયદાનું પાલન એ આચરણનું ન્યૂનતમ જરૂરી ધોરણ છે.

McCain Foods કૅનેડામાં રચવામાં આવી હોવાથી વિશ્વભરના આપણા કર્મચારીઓ ઘણી વખત કૅનેડિયન કાયદાઓને આધીન હોય છે. અન્ય દેશો તેમની સરહદોની બહાર કંપનીની કામગીરીઓ અને કર્મચારીઓને તેમનાં કાયદાઓ લાગુ કરી શકે છે. કયા કાયદાઓ લાગુ પડે છે તે અંગે જો તમે અનિશ્ચિત હો તો આગળ વધતા પહેલાં તમારી સ્થાનિક કાનૂની ટીમની સલાહ લો.

# આપણી વ્યવસાય કરવાની રીત

### ચિંતાઓ વ્યક્ત કરવી

આપણી સંહિતાનું ઉલ્લંઘન હોય તેવી વર્તણૂક જો તમે જુઓ તો તે અંગે ત્વરિતપણે મુદ્દો ઉઠાવો. સંહિતાના ધોરણો માટે આપણા સહકાર્યકરોને જવાબદાર ઠેરવવાની આપણા બધાની ફરજ છે.

### સંસાધનો

જો તમને માહિતગાર કાનૂની કે નૈતિક નિર્ણય કરવાની જરૂર હોય, પણ સંહિતામાં તમને જવાબો ન મળતા હોય તો સહાયતા માટે તમારા નિરીક્ષક, **સ્થાનિક માનવ સંસાધન, કાનૂની અથવા નાણાકીય ટીમોનો સંપર્ક કરો**.

વધારાના સંસાધનો તરીકે, McCainના વૈશ્વિક નેતાઓ સંહિતાને લગતી સહાયતા અને માહિતી માટે તેમજ નીતિઓ, કાયદાઓ અને નિયમનોના અર્થઘટન માટે તમામ કર્મચારીઓને ઉપલબ્ધ હોય છે. ટીમના આ નેતાઓ સાથેના તમામ સંદેશાવ્યવહાર સાથે વિવેકથી વ્યવહાર કરવામાં આવશે. આ પુસ્તિકાની પાછળ એક સંપર્ક યાદી આપવામાં આવી છે.

### કોડ કનેક્શન

જો તમને લાગે કે તમારી સ્થાનિક મેનેજમેન્ટ ટીમ અથવા કંપનીનાં વૈશ્વિક નેતાઓને સંભવિત ઉલ્લંઘન વિશે જણાવવું એ વિકલ્પ નથી, તો તમને કોડ કનેક્શનને ફોન કરવા પ્રોત્સાહિત કરવામાં આવે છે. અનુવાદ સેવાઓ સાથે ૨૪ કલાક ઉપલબ્ધ, કોડ કનેક્શન, વૈકલ્પિક રિપોર્ટિંગની પ્રક્રિયા પૂરી પાડે છે જેથી તમે અનામી રહી શકો છો. કૃપા કરી આ પુસ્તિકાની પાછળ આપેલા કોડ કનેક્શનના પ્રાદેશિક નંબરો જુઓ (તે ક્ષેત્રના કાયદાઓને લીધે કોડ કનેક્શન યુરોપ ખંડમાં ઉપલબ્ધ નથી). એ વાત નોંધો કે કોડ કનેક્શન સંહિતાના સંભવિત ઉલ્લંઘનોની જાણ કરવા માટે છે, સામાન્ય ફરિયાદો કરવા માટે નહીં.

મને ચિંતા છે

તમે નીચેનાનો સંપર્ક કરી શકો છો:

**સ્થાનિક સંસાધનો:**
તમારા નિરીક્ષક અથવા સ્થાનિક માનવ સંસાધન, કાનૂની અથવા નાણાકીય ટીમો

**McCainના વૈશ્વિક સંસાધનો:**
- સામાન્ય સલાહકાર
- માનવ સંસાધન
- આંતરિક ઑડિટ
- નાણા વ્યવસ્થા
- સપ્લાઈ ચેન (એન્જિનિયરિંગ, પર્યાવરણ, સુરક્ષા, પ્રાપ્તિ)
- સંદેશાવ્યવહાર

**કોડ કનેક્શન:**
૨૪-કલાકની ટોલ-ફ્રી લાઈન

*તમને સંહિતા પુસ્તિકાની પાછળ આ તમામ સંસાધનો માટેના સંપર્ક નંબરો મળશે.*

# આપણી વ્યવસાય કરવાની રીત

## ખાનગીપણું અને અનામીપણું

વૈશ્વિક ટીમો અથવા કોડ કનેક્શનને સંબોધિત સંહિતાને લગતા પ્રશ્નો અને ચિંતાઓ શક્ય એટલી ખાનગી રાખવામાં આવશે. માહિતીની આપલે માત્ર એવી વ્યક્તિઓ સાથે કરવામાં આવશે કે જેઓને બાબતની તપાસ કરવાની અને ચુકાદો આપવાની જરૂર હોય. સામેલ વ્યક્તિઓની ઓળખ ફક્ત બાબત સાથે સંકળાયેલી વ્યક્તિઓ સમક્ષ જાહેર કરવામાં આવે તેની ખાતરી કરવા મેનેજરો અને તપાસ કરનારાઓ દરેક સાવચેતી લેશે.

મેનેજરો અથવા નિરીક્ષકોની ફરજ છે કે તેઓ સંહિતાને લગતી બાબતો સંહિતાની મર્યાદામાં ખાનગી રાખે. જો કર્મચારી તમારી પાસે આવે, તો તેમનાં પ્રશ્ન અથવા પૂછપરછની વિગતો અંગે ફક્ત એવી વ્યક્તિઓ સાથે ચર્ચા કરો કે જેઓને પ્રદાન, પ્રતિસાદ આપવાની જરૂર હોય અથવા બાબતની તપાસ કરવાની જરૂર હોય.

જો તમે અનામી રિપોર્ટ આપવા ઇચ્છતા હો તો તમને કોડ કનેક્શન મારફતે તેમ કરવા પ્રોત્સાહિત કરવામાં આવે છે.

## તપાસો

સંહિતાના કોઈપણ સંભવિત ઉલ્લંઘનની પૂરેપૂરી તપાસ, સ્થાનિક તપાસ કરનારાઓ, વૈશ્વિક ટીમો અથવા ત્રીજા-પક્ષકારનાં સંસાધનો દ્વારા કરવામાં આવશે. દરેક કર્મચારીની જવાબદારી અને ફરજ છે કે તેઓ એવી કોઈ તપાસમાં પૂર્ણપણે, ત્વરિતપણે અને સચ્ચાઈપૂર્વક સહકાર આપે. સહકાર ન આપનારા કોઈપણ કર્મચારી સામે શિસ્તનું પગલું લેવામાં આવી શકે છે.

## બદલો લેવો નહીં

સંહિતાની હિમાયત કરવા માટે કંપની તેનાં તમામ કર્મચારીઓ પર નિર્ભર રહે છે. એ જ રીતે, ચિંતાઓ વ્યક્ત કરવા અથવા સંભવિત ઉલ્લંઘનોની જાણ કરવા માટે અમે કર્મચારીઓ પર નિર્ભર રહીએ છીએ. આ ફરજ નિભાવનારા કર્મચારીઓ સામે બદલો લેવો એ સંહિતાનું ઉલ્લંઘન છે. જો તમે સંહિતાને લગતો રિપોર્ટ આપો અથવા તેને લગતી ચિંતા વ્યક્ત કરો, અને તમને લાગે કે તમારી સાથે અન્યાયી વ્યવહાર કરવામાં આવ્યો છે, તો તરત બાબતની જાણ કરો.

## શિસ્તનાં પગલાં

જ્યારે એવું નક્કી કરવામાં આવે કે કર્મચારીએ સંહિતાનું ઉલ્લંઘન કર્યું છે, ત્યારે કંપની ઉલ્લંઘનની તીવ્રતા સાથે બંધબેસતું પગલું લેશે, જેમાં ગંભીર ઉલ્લંઘનો માટે રોજગારની સમાપ્તિનો સમાવેશ થાય છે. ઉલ્લંઘનના પ્રકારના આધારે વરિષ્ઠ મેનેજમેન્ટ દ્વારા નિર્ણય લેવામાં આવી શકે છે. જ્યારે કર્મચારીએ ઉલ્લંઘન કર્યું હોવાનું નક્કી કરવામાં આવે, ત્યારે કર્મચારીનાં કાયમી રેકોર્ડમાં આની નોંધ કરવામાં આવશે.

## સંહિતાને સમજવી

આ સંહિતામાં એવી તમામ પરિસ્થિતિઓને આવરી લેવાનું શક્ય નથી કે જ્યાં કાનૂની અથવા નૈતિક મુદ્દાઓ ઉદ્ભવી શકે. સંહિતામાં પ્રશ્નો અને જવાબો સ્પષ્ટીકરણના હેતુસર વધારાની માહિતી અને ઉદાહરણો પૂરા પાડે છે. તેમનો હેતુ લાગુ પડતી નીતિઓ, કાર્યપદ્ધતિઓ અથવા પ્રક્રિયાઓના સંપૂર્ણ ખુલાસા આપવાનો નથી. તમે કંપનીનાં ધોરણો સમજવા માટે અને તમને સંહિતાનો અર્થ અસ્પષ્ટ હોય અથવા પરિસ્થિતિનો સામનો કેવી રીતે કરવો તે અંગે તમે અનિશ્ચિત હો ત્યારે પ્રશ્નો પૂછવા માટે જવાબદાર છો.

# આપણી વ્યવસાય કરવાની રીત:
# આપણે અન્ય લોકો સાથે કેવો વ્યવહાર કરીએ છીએ

ગ્રાહકો, પુરવઠાકારો અને પ્રતિસ્પર્ધીઓ સાથે
આદરપૂર્ણ વ્યવહાર કરવો

વિવિધતા અને સમાવેશ

ભેદભાવ અને હેરાનગતિ

ગુપ્તતા

# આપણી વ્યવસાય કરવાની રીત: આપણે અન્ય લોકો સાથે કેવો વ્યવહાર કરીએ છીએ

આપણી આસપાસ રહેતા લોકો સાથે શિષ્ટાચારયુક્ત અને આદરપૂર્ણ વ્યવહાર કરવો એ ફક્ત વ્યક્તિગત પ્રામાણિકતાની વાત નથી, પરંતુ એ સારા વ્યવસાયનો સૂચક પણ છે. અન્ય લોકો સાથે આદરપૂર્ણ વ્યવહાર કરવાથી મોકળું વાતાવરણ કેળવાય છે જે કર્મચારી અને ગ્રાહકમાં વધુ સંતુષ્ટતા અને વફાદારીને ઉત્તેજન આપે છે.

તમે સરળ, છતાંય શક્તિશાળી પગલાં દ્વારા આદર દર્શાવી શકો છો:

- સહકાર્યકરોને અભિપ્રાયો અને વિચારો વ્યક્ત કરવા પ્રોત્સાહિત કરો
- તમારો વિચાર વ્યક્ત કરતા પહેલાં અન્ય લોકોની વાત સાંભળો
- નિયમિતપણે માહિતીની આપલે કરો અને અન્ય લોકોને નિર્ણય લેવાની પ્રક્રિયામાં સામેલ કરો
- કામમાં બદલાવ લાવવા અથવા તેને સુધારવા માટે લોકોના વિચારોનો ઉપયોગ કરો
- લોકો અથવા તેમનાં વિચારોનું ક્યારેય અપમાન ન કરો અથવા તેમને ઉતારી ન પાડો
- વિવિધતાસભર અને સમાવેશક કાર્યસ્થળને ઉત્તેજન આપો
- રચનાત્મક ટીકાનો ઉપયોગ કરો અને વધુ વારંવાર પ્રશંસા કરવાનો પ્રયત્ન કરો

## પ્રશ્નો અને જવાબો

**મેં આપણા એક સેલ્સ પ્રતિનિધિને એક સંભવિત ગ્રાહકને કહેતા સાંભળ્યું કે પ્રતિસ્પર્ધીને ત્યાં ખાદ્ય સુરક્ષાને લગતા યોગ્ય પ્રોટોકૉલ્સ અમલમાં નથી. શું આ યોગ્ય છે?**

ના. પ્રતિસ્પર્ધી વતી ક્યારેય બોલવું નહીં. તેમ કરવું માત્ર અનૈતિક જ નહીં, પરંતુ બજારમાં આપણે જે રીતે આપણા પ્રતિસ્પર્ધીઓને રજૂ કરીએ છીએ તેની અસર આપણા ગ્રાહકો અથવા ઉપભોક્તાઓ આપણી તરફ કેવી દૃષ્ટિથી જુએ છે તેનાં પર થઈ શકે છે.

ગ્રાહકો સાથેની તમારી ચર્ચાઓને આપણાં ઉત્પાદનો અને પ્રક્રિયાઓના હકારાત્મક ગુણો પર કેન્દ્રિત કરવાની ભલામણ કરવામાં આવે છે, આપણા પ્રતિસ્પર્ધીઓની નકારાત્મક બાબતો પર નહીં. જો તમને ગ્રાહક પ્રતિસ્પર્ધીના ઉત્પાદનનું મૂલ્યાંકન કરવા કહે, તો તમે એમ કહીને કે "ખરેખર તો હું તેમનાં વતી કંઈ બોલી ન શકું, પણ હું એટલું ચોક્કસ કહી શકું કે McCainનાં ઉત્પાદનો..." ગ્રાહકના મનમાં એક વધુ હકારાત્મક છબી ઉપસાવી શકશો.

### ગ્રાહકો, પુરવઠાકારો, ઉપભોક્તાઓ અને પ્રતિસ્પર્ધીઓ સાથે આદરપૂર્ણ વ્યવહાર કરવો

આપણા ગ્રાહકો, પુરવઠાકારો અને ઉપભોક્તાઓ McCain Foodsની બહારની દુનિયાનો એ ભાગ છે જેની મારફતે આપણે વિકસીએ છીએ, નવીનતા લાવીએ છીએ અને હકારાત્મક વ્યાવસાયિક પરિણામો લાવીએ છીએ. આપણી કાનૂની અને નૈતિક ફરજોનું સંપૂર્ણ રીતે પાલન કરવાની સાથોસાથ, આ બહારના શૅરધારકો સાથે આદરપૂર્ણ વ્યવહાર કરવો એ આપણી પ્રતિષ્ઠા જાળવી રાખવાની અને આપણી સ્પર્ધાત્મક સરસાઈને મજબૂત કરવાની આપણી ક્ષમતાના કેન્દ્રસ્થાને છે.

આ ઉપરાંત, આપણી જવાબદારી છે કે આપણે આપણા પ્રતિસ્પર્ધીઓને નિષ્પક્ષ રીતે, ચોકસાઈપૂર્વક અને પૂર્વગ્રહ વિના દર્શાવીએ. આપણા પ્રતિસ્પર્ધીઓને આપણે જે રીતે દર્શાવીએ છીએ તેની અસર આપણા ગ્રાહકો અથવા અન્ય શૅરધારકો આપણા વ્યવસાય અને આપણાં પગલાંને જે દૃષ્ટિથી જુએ છે તેનાં પર થઈ શકે છે.

**McCain Foodsના તમામ શૅરધારકો સાથે ઉચ્ચતમ સ્તરનો આદરપૂર્ણ વ્યવહાર કરો. આમાં સહકાર્યકરો, પુરવઠાકારો, ઉપભોક્તાઓ અને પ્રતિસ્પર્ધીઓનો સમાવેશ થાય છે.**

# આપણી વ્યવસાય કરવાની રીત: આપણે અન્ય લોકો સાથે કેવો વ્યવહાર કરીએ છીએ

## વિવિધતા અને સમાવેશ

McCain Foodsની સફળતા અને સાથે વિકસવાના આપણા વ્યાવસાયિક વ્યૂહના હાર્દમાં લોકો રહેલા છે. આપણી સફળતા આપણા બહુસાંસ્કૃતિક, બહુ–પરિમાણી જીવન અને કાર્યક્ષેત્રને પૂર્ણપણે સમજવા અને અપનાવવાની આપણી ક્ષમતા પર નિર્ભર છે. આપણા કર્મચારીઓ આપણા ગ્રાહકો, ઉપભોક્તાઓ, પુરવઠાકારો અને સમુદાયોની વિવિધતાને પ્રતિબિંબિત કરતા હોય ત્યારે આપણી સ્પર્ધાત્મક સરસાઈ અને પ્રતિષ્ઠામાં વધારો થાય છે.

વિવિધતાસભર અને સમાવેશક કામનાં વાતાવરણ પ્રત્યેની કટિબદ્ધતાને સમર્થન આપવા આપણે:

- આપણી ટીમોમાં વિવિધતા અને સમાવેશને પ્રોત્સાહન આપવું જરૂરી છે
- વિચાર અને કલ્પનાઓની વિવિધતાનું લક્ષ્ય રાખવું, તેનો આદર કરવો, તેની કદર કરવી અને લાભ લેવો જરૂરી છે
- સમાવેશકતા માટેની જવાબદારીમાં આપણા ભાગ પ્રત્યે પોતાને ઉત્તરદાયી ઠેરવવા જરૂરી છે
- મેનેજમેન્ટના નિર્ણયો અને વર્તણૂકમાં સમાવેશકતા દેખાય તેની ખાતરી કરવી જરૂરી છે
- આપણા તમામ સંબંધો પરસ્પર આદર અને વિકાસ પર આધારિત હોય તે સિદ્ધાંતનું પાલન કરવું જરૂરી છે

### વિવિધતા:

આપણે જે રીતે અલગ તરી આવીએ છીએ તેને વિવિધતા તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે. આ પરિમાણોના નમૂનામાં જાતિ, લિંગ, ઉંમર, અસમર્થતા, ધર્મ, જાતીય અભિમુખતા અને બાળક/વડીલની સંભાળની જવાબદારીઓનો સમાવેશ થાય છે પરંતુ તેનાં સુધી મર્યાદિત નથી. વિવિધતાનો અર્થ વિચારો, કલ્પનાઓ અને અભિવ્યક્તિઓમાં રહેલા તફાવતોને અપનાવવાનો પણ થાય છે. કૂવામાં સોનાની ખાણ છૂપાયેલી હોઇ શકે તેવું ધ્યાનમાં રાખવું એ બહુમતિથી ઊલટો અભિપ્રાય સૂચવે છે.

### સમાવેશ:

સમાવેશનો અર્થ છે જોડાયેલા હોવાની ભાવના - એક વ્યક્તિ તરીકે આદરણીય અને મૂલ્યવાન હોવાની લાગણી જેથી તમે શ્રેષ્ઠ કામગીરી કરી શકો.

***વધુ માર્ગદર્શન માટે વૈશ્વિક વિવિધતાને લગતી માર્ગદર્શક સૂચનાઓ (Global Diversity Guidelines) જુઓ***

## ભેદભાવ અને હેરાનગતિ

McCain Foods સુરક્ષિત, આદરપૂર્ણ અને સમાવેશક, ભેદભાવ અને હેરાનગતિથી મુક્ત વાતાવરણ પૂરું પાડે તેની ખાતરી કરવાની જવાબદારી આપણા બધાની છે.

**આપણી વચ્ચે તફાવત પાડનારી કોઈ લાક્ષણિકતાના આધારે પૂર્વગ્રહ, ભેદભાવ અથવા હેરાનગતિ સાંખી લેવામાં નહીં આવે.**

તેમને જુદી પાડનારી લાક્ષણિકતાના કારણે અન્ય લોકોને પૂર્ણ સહભાગિતાથી બાકાત રાખવા એ ભેદભાવ છે.

હેરાનગતિ એવા આચારણને આવરી લે છે કે જે વેરપૂર્ણ, ધાકવાળું અથવા ધૃણાજનક કામનું વાતાવરણ સર્જવાની શક્યતા ધરાવતું હોય, અને તેમાં જાતીય પ્રકારની વિનંતીઓ થી માંડીને અપમાનો, અપમાનજનક મશ્કરીઓ, જાતીય લાંછનો સુધીના વિવિધ કૃત્યો અથવા કોઈ વ્યક્તિ સાથે અપમાનજનક અથવા હીણી રીતે વ્યવહાર કરવાનો સમાવેશ થઈ શકે છે.

જો તમે એવા વર્તન અંગે વાકેફ હો કે જેને તમે ભેદભાવપૂર્ણ અથવા ત્રાસદાયક હોવાનું માનતા હો, તો તમારા સ્થાનિક માનવ સંસાધન અથવા કાનૂની ટીમોની સલાહ લો.

***વધુ માર્ગદર્શન માટે સ્થાનિક કાર્યસ્થળને લગતી હેરાનગતિ નીતિઓ (Workplace Harassment policies) જુઓ.***

# પ્રશ્નો અને જવાબો

**મારા કાર્યપ્રદર્શનનાં મૂલ્યાંકનો મને સતત શ્રેષ્ઠતમ પર્ફોર્મરની કક્ષામાં મૂકતા હોવા છતાં મારા વિભાગમાં બઢતી માટે સતત મારા પ્રત્યે દુર્લક્ષ કરવામાં આવે છે. મને એવું લાગવા લાગ્યું છે કે મારા વંશીય મૂળના કારણે મારી સાથે ભેદભાવભર્યો વ્યવહાર કરવામાં તો નથી આવતો ને. મારે શું કરવું જોઈએ?**

તમારે સૌપ્રથમ તમારા નિરીક્ષક સાથે ખુલ્લી ચર્ચા કરવી જોઈએ કે દરેક વ્યક્તિગત કાર્ય માટે તમારા પ્રત્યે દુર્લક્ષ શા માટે કરવામાં આવ્યું. જો આ ચર્ચાઓ બાદ તમને આ નિર્ણયોના તાર્કિક આધાર અંગે શંકા થાય તો તમારા નિરીક્ષકને તમારી ચિંતાઓ જણાવો. જો તમે તમારા નિરીક્ષકના જવાબથી સંતુષ્ટ ન હો તો તમારી સ્થાનિક માનવ સંસાધન ટીમ અથવા વરિષ્ઠ મેનેજમેન્ટ સમક્ષ તમારી ચિંતાઓ મૂકો.

**હું આમંત્રણો નકારતો/નકારતી હોવા છતાં મારા નિરીક્ષક મને સામાજિક મેળાવડાઓનું આમંત્રણ આપતા રહે છે. મને અકળામણ થવા લાગે છે. મારે શું કરવું જોઈએ?**

સ્પષ્ટપણે જણાવો કે સામાજિક આમંત્રણો બિનઆવકાર્ય છે અને તેનાં લીધે તમને અકળામણ થાય છે. જો તે ચાલુ રહે અથવા જો તમને લાગે કે તમારી ચિંતા જણાવવા બદલ તમારા નિરીક્ષક તમારી સાથે જુદો વ્યવહાર કરે છે, તો તમારી સ્થાનિક માનવ સંસાધન ટીમ અથવા વરિષ્ઠ મેનેજમેન્ટ સાથે વાત કરો.

### ગુપ્તતા

આપણા કર્મચારીઓ, ગ્રાહકો, ઉપભોક્તાઓ અને પુરવઠાકારોની ગુપ્તતાનો આદર કરવો એ સારા વ્યવસાયના સૂચક છે, અને એ રીતે, આપણે વ્યક્તિગત માહિતીનો વ્યવહાર જવાબદારીપૂર્વક અને લાગુ પડતા ગુપ્તતાના તમામ કાયદાઓનાં પાલનમાં કરવો જોઈએ.

જો તમે અન્ય લોકોની વ્યક્તિગત માહિતીનો વ્યવહાર કરતા હો તો તમારે:

- લાગુ પડતા કાયદા અંગે માહિતગાર હોવું અને તેનાં મુજબ વર્તવું જરૂરી છે
- કરારને લગતી કોઈપણ પ્રસ્તુત ફરજો અંગે માહિતગાર હોવું અને તેનાં મુજબ વર્તવું જરૂરી છે
- એવી માહિતીને માત્ર કાયદેસર વ્યાવસાયિક હેતુઓસર એકત્ર કરવી, ઉપયોગમાં લેવી અને પ્રક્રિયા કરવી જરૂરી છે
- માહિતી માટે કાયદેસર વ્યાવસાયિક હેતુ ન ધરાવતા હોય તેવા લોકો સમક્ષ અનધિકૃત પ્રગટીકરણ અટકાવવાની કાળજી લેવી જરૂરી છે

# પ્રશ્નો અને જવાબો

**હું માનવ સંસાધનમાં કામ કરું છું અને મારા સ્થાનિક માર્કેટિંગ લીડે મને તેમની ટીમની ક્ષમતાઓ અને મહેનતાણાનું મૂલ્યાંકન કરવાના હેતુસર અન્ય બજારોમાં McCainમાં નોકરી કરતા માર્કેટિંગ કર્મચારીઓનાં નામો, પગારો અને નોકરીના પદોની યાદી આપવા કહ્યું. શું આ માહિતી આપવી મારા માટે યોગ્ય છે?**

વ્યક્તિગત કર્મચારીઓની પગારને લગતી માહિતી ખાનગી હોય છે અને ઘણા અધિકારક્ષેત્રોમાં ગુપ્તતાના કાયદાઓને આધીન હોય છે. સંશોધનના હેતુઓસર, પદના વર્ણન અને પ્રદેશના ક્રમમાં પગાર મર્યાદાઓ પૂરી પાડી શકાય છે. જો તમને વધુ સ્પષ્ટીકરણ જોઈતું હોય તો તમારી સ્થાનિક કાનૂની ટીમની સલાહ લો.

*વધુ માર્ગદર્શન માટે સ્થાનિક ગુપ્તતા નીતિઓ (Privacy policies) જુઓ.*

# આપણી વ્યવસાય કરવાની રીત: બજારમાં

- નિષ્પક્ષ સ્પર્ધા
- સ્પર્ધાત્મક સમજશક્તિ
- આંતરરાષ્ટ્રીય વ્યવસાય
- સરકાર સાથેનો વ્યવસાય
- રાજકીય પ્રવૃત્તિઓ અને ફાળા
- પર્યાવરણનું રક્ષણ કરવું

### નિષ્પક્ષ સ્પર્ધા

સ્પર્ધાને લગતા કાયદાઓ, કે જે સ્પર્ધા વિરોધી, ઈજારા અથવા નિષ્પક્ષ વેપારને લગતા કાયદાઓ તરીકે પણ ઓળખાય છે, તેનો હેતુ એક સ્વસ્થ, ઉત્સાહપૂર્ણ અને સ્પર્ધાત્મક અર્થવ્યવસ્થાને ઉત્તેજન આપવાનો છે કે જેમાં વ્યવસાયો ગુણવત્તા, સેવા અને કિંમતના આધારે તેમનાં ઉત્પાદનો વેચવા મુક્ત હોય.

નિષ્પક્ષ સ્પર્ધા એ McCain Foodsની વ્યાવસાયિક માન્યતાઓનો મૂળભૂત સિદ્ધાંત છે, અને આપણે કાયદેસર, પ્રામાણિક અને નૈતિક રીતે આપણા પ્રતિસ્પર્ધીથી ચડિયાતી કામગીરી કરવાનું લક્ષ્ય રાખીએ છીએ.

**McCain Foods એવી કોઈ પ્રવૃત્તિમાં ભાગ નહીં લે અથવા ટેકો નહીં આપે કે જે તેનાં કોઈપણ કાર્યક્ષેત્રમાંનાં સ્પર્ધાને લગતા કાયદાઓ અથવા નિયમનોના વિરોધમાં હોય.**

આપણે એવા કોઈપણ દેશના સ્પર્ધાને લગતા કાયદાઓનું પાલન કરવું જરૂરી છે કે જ્યાં McCain Foods વ્યવસાય કરતા હોય. તેથી, આપણે પ્રતિસ્પર્ધીઓ સાથે એવી ચર્ચાઓ ટાળવી જોઈએ કે જેને નિષ્પક્ષ સ્પર્ધામાં અડચણરૂપ માનવામાં આવી શકે. પ્રતિસ્પર્ધીઓ સાથે કોઈ વાતચીતો કરતા પહેલાં અથવા પ્રતિસ્પર્ધીઓ હાજર હોય તેવી કોઈ સભાઓમાં હાજરી આપતા પહેલાં તમારી સ્થાનિક કાનૂની ટીમનું કાનૂની માર્ગદર્શન લો.

સ્પર્ધાને લગતા કાયદાઓ જટિલ હોય છે અને ઘણી વિભાવનાઓના વિવિધ અર્થો થતા હોય છે. ઘણા દેશોના સ્પર્ધાને લગતા કાયદાઓમાં તફાવતો હોવા છતાં, સામાન્ય રીતે સમાન પ્રકારના આચરણ પ્રતિબંધિત હોય છે, જેમાં સામેલ છે પ્રતિસ્પર્ધીઓ સાથે નીચેની બાબતોને લગતા કરારો:

- પ્રતિસ્પર્ધી ઉત્પાદનો અથવા સેવાઓ માટે કિંમતો, વેચાણના નિયમો અને શરતો નક્કી કરવી
- પ્રતિસ્પર્ધી ઉત્પાદનો અથવા સેવાઓ માટે ગ્રાહકો, બોલીઓ, બજારો અથવા ક્ષેત્રો વહેંચવા અથવા ફાળવવા
- અમુક ખરીદનારાઓને વેચવાની ના પાડવી અથવા અમુક જ પુરવઠાકારો પાસેથી માલ ખરીદવો
- સ્પર્ધા ઓછી કરવાના હેતુસર બિન-સાર્વજનિક માહિતીની આપલે કરવી

વિતરકો અને ગ્રાહકો સાથેના સંબંધો, ભલે તે લેખિત કરારોમાં, મૌખિક સમજૂતીઓમાં અથવા અન્ય રીતે સમાવેશ પામતા હોય, તે યોગ્ય વેપાર કાર્યપદ્ધતિઓ પ્રત્યે કટિબદ્ધતા અને લાગુ પડતા કાયદાઓનું અનુપાલન દર્શાવતા હોવા જોઈએ.

સ્પર્ધાને લગતા કાયદાઓનાં ઉલ્લંઘનો ગંભીર બાબત છે અને તે નોંધપાત્ર દંડ, ઉગ્ર વ્યાવસાયિક પ્રતિબંધો અને પ્રતિષ્ઠાના નુકસાનમાં પરિણમી શકે છે. અધિકારક્ષેત્રના આધારે તેમાં કંપની અને વ્યક્તિગત કર્મચારીઓને દંડ, કેદ અને દીવાની નુકસાનીનો સમાવેશ થઈ શકે છે.

***વધુ માર્ગદર્શન માટે નીચેની સ્પર્ધાને લગતી નીતિઓ (Competition Policy) જુઓ:***

- ***સ્પર્ધાને લગતી નીતિ (Competition Policy) – કૅનેડા, ડે એન્ડ રૉસ***
- ***સ્પર્ધાને લગતી નીતિ (Competition Policy) – USA***
- ***સ્પર્ધાને લગતી નીતિ (Competition Policy) – UK અને યુરોપ***
- ***સ્પર્ધાને લગતી નીતિ (Competition Policy) – ઑસ્ટ્રેલિયા***
- ***સ્પર્ધાને લગતી નીતિ (Competition Policy) – ન્યુ ઝિલૅન્ડ***
- ***સ્પર્ધાને લગતી નીતિ (Competition Policy) – પ્રદેશોનું સંતુલન***

### સ્પર્ધાત્મક સમજશક્તિ

બજારને સમજવાના હેતુસર અને કંપનીનાં વ્યવસાયને વધારવા માટે સ્પર્ધાત્મક માહિતીનું એકત્રીકરણ પ્રોત્સાહિત કરવામાં આવે છે અને અપેક્ષિત છે. જોકે, આપણે આપણી બિન-સાર્વજનિક માહિતીને જેટલું મહત્ત્વ આપીએ છીએ, અન્ય કંપનીઓની બિન-સાર્વજનિક માહિતીનો પણ આપણે તેટલો જ આદર કરીએ છીએ. ફક્ત સાર્વજનિક રીતે ઉપલબ્ધ માહિતીનો ઉપયોગ કરવા સહિત, સ્પર્ધાત્મક માહિતીનું એકત્રીકરણ કાયદેસર અને નૈતિક રીતે કરવું જરૂરી છે.

સાર્વજનિક રીતે ઉપલબ્ધ માહિતીમાં, દાખલા તરીકે, સાર્વજનિક કંપની ફાઇલિંગ્સ, કંપનીએ કરેલા અને કૉર્પોરેટ વેબ સાઇટો, વાર્ષિક અહેવાલો અને સમાચાર સ્ત્રોતો દ્વારા ઉપલબ્ધ કરેલા જાહેર ભાષણો અથવા પ્રસ્તુતિઓનો સમાવેશ થઈ શકે છે.

# પ્રશ્નો અને જવાબો

**આપણે તાજેતરમાં એક એવા કર્મચારીને નોકરીએ રાખ્યા કે જેઓ અગાઉ આપણા એક પ્રતિસ્પર્ધી માટે કામ કરતા હતા. હું આ કર્મચારીને આ પ્રતિસ્પર્ધી વિશે માહિતી આપવા કહી શકું?**

કર્મચારી તેમનાં અગાઉના નિયોક્તાની બિન-સાર્વજનિક માહિતી ખાનગી રાખવાની નૈતિક જવાબદારી, અને સંભવિતપણે કાનૂની જવાબદારી ધરાવે છે. તેમને આ જવાબદારીનું ઉલ્લંઘન કરતી માહિતી જાહેર કરવા કહીને તમે નવા કર્મચારીને મુશ્કેલ પરિસ્થિતિમાં મૂકશો અને તમે McCain Foodsના કર્મચારીઓ પાસેથી અમે જે અપેક્ષાઓ રાખીએ છીએ તેની સાથે અસંગત વર્તણૂક દર્શાવશો.

**એક પુરવઠાકારે મને આપણા પ્રતિસ્પર્ધીએ તૈયાર કરેલી પ્રસ્તુતિ આપી છે. હું તેને સ્વીકાર કરી શકું?**

કદાચ. જો પુરવઠાકાર પુષ્ટિ આપે કે તે માહિતીનું રક્ષણ કરવાની કોઈ કાનૂની ફરજ હેઠળ નથી, તો તમે માહિતી સ્વીકારી શકો છો. એક વખત પ્રસ્તુતિ તમારી પાસે આવે ત્યારબાદ, જો તેનાં પર "ખાનગી" અથવા "પ્રોપ્રાઇટરી" લખેલું હોય અથવા તમે માનતા હો કે લખેલું હોવું જોઈતું હતું, તો માહિતીને જાહેર કરતા પહેલાં અથવા ઉપયોગમાં લેતાં પહેલાં તમારી સ્થાનિક કાનૂની ટીમની સલાહ લો. જો એવું નક્કી કરવામાં આવે કે માહિતી બિન-સાર્વજનિક છે અને તેની આપલે કરવી જોઈતી ન હતી, તો પુરવઠાકારને વિવેકપૂર્વક કહો કે તમે માહિતી ફેંકી દીધી છે કારણ કે તમને તે પ્રોપ્રાઇટરી લાગી. હંમેશા યાદ રાખો કે તમારા પગલાં એ વાત પર અસર કરી શકે છે કે પુરવઠાકાર અથવા ગ્રાહક McCain Foods તરફ કેવી દૃષ્ટિથી જુએ છે, અને ઈમાનદારી અને પ્રામાણિકતાપૂર્વક વર્તવાથી બજારમાં McCainનું પ્રતિનિધિત્વ એ જ રીતે થશે.

# આપણી વ્યવસાય કરવાની રીત: બજારમાં

### આંતરરાષ્ટ્રીય વ્યવસાય

વિશ્વભરના દેશોમાં વ્યવસાય કરતી બહુરાષ્ટ્રીય કંપની તરીકે એ અતિઆવશ્યક છે કે આપણે લાગુ પડતા તમામ સ્થાનિક કાયદાઓ સમજીએ અને તેનું પાલન કરીએ, કારણ કે ખાસ કરીને ઘણા સરકારી કાયદાઓ આંતરરાષ્ટ્રીય વ્યવસાયને લગતી અમુક કાર્યપદ્ધતિઓની વિશિષ્ટ રીતે મનાઈ ફરમાવતા હોય છે.

### રુશ્વતખોરી

ઘણા દેશો રુશ્વત બરાબર હોય તેવી ચુકવણીઓને પ્રતિબંધિત કરતા કાયદાઓ ધરાવે છે. દાખલા તરીકે, યુનાઈટેડ સ્ટેટ્સમાં *વિદેશી ભ્રષ્ટાચાર અધિનિયમ (The Foreign Corrupt Practices Act)* કરાર કરવા માટે અથવા વ્યાવસાયિક સંબંધ કેળવવા માટે વિદેશી સરકારને ચુકવણીઓ કરવાની મનાઈ ફરમાવે છે. તે જ રીતે, કૅનેડામાં, *વિદેશી સાર્વજનિક અધિકારી ભ્રષ્ટાચાર અધિનિયમ (The Corruption of Foreign Public Officials Act)* વ્યવસાયમાં સ્પર્ધાત્મક સરસાઈ મેળવવાના હેતુસર, પ્રત્યક્ષ કે પરોક્ષ, રુશ્વત આપવાની કડક મનાઈ ફરમાવે છે.

**McCain વિદેશી સરકારો સાથે વ્યાવસાયિક વ્યવહારોની સુવિધા કરી આપવા માટે વિદેશી અધિકારીઓને ચુકવણીઓ કરવાની કડક મનાઈ ફરમાવે છે.**

વ્યક્તિ અને કંપની બન્ને માટે પ્રતિબંધિત ચુકવણીઓ કરવા બદલ કાનૂની દંડ કઠોર હોઈ શકે છે. જો તમને અમુક પ્રકારની ચુકવણીઓના દરજ્જા અંગે અસ્પષ્ટતા હોય અથવા તમને લાગે કે ચુકવણીની વિનંતીનો પ્રકાર વાંધાજનક છે, તો તમારી સ્થાનિક કાનૂની ટીમની સલાહ લો.

### નિકાસ નિયંત્રણો/પ્રતિબંધો

ઘણી સરકારો ઘણાં ઉત્પાદનો, સેવાઓ અને ટેક્નોલૉજીસની વિદેશમાં નિકાસ કરવાની મનાઈ ફરમાવે છે. ઉપરાંત, કેટલીક સરકારો સમયાંતરે અમુક એવા દેશોની ઓળખ કરશે કે જેમની સાથે વ્યાવસાયિક સંબંધો મોકૂફ રાખવામાં આવ્યા હોય; પ્રતિબંધો અને મોકૂફીઓ સામાન્ય રીતે એવા અધિકારક્ષેત્રોમાં સ્થાપિત કંપનીઓને અને તેમની સહયોગી કંપનીઓને વિશ્વભરમાં લાગુ પડે છે. આ ઉપરાંત, સંયુક્ત રાષ્ટ્ર સમયાંતરે અમુક દેશોમાં નિકાસ કરવા પર પ્રતિબંધ મૂકી શકે છે, જેનું ઉલ્લંઘન કરવાથી કંપનીને પ્રતિષ્ઠાત્મક નુકસાન થઈ શકે છે. કોઈક દેશ સાથે વ્યવસાય મોકૂફ રાખવામાં આવ્યો છે કે નહીં અથવા પ્રસ્તાવિત લેવડદેવડને પ્રતિબંધો લાગુ પડે છે કે નહીં તે અંગે કોઈ પ્રશ્ન હોય તો તમારી સ્થાનિક કાનૂની ટીમની સલાહ લો.

### બહિષ્કાર

અમુક દેશો સરકારો અથવા અન્ય દેશોમાં સ્થિત વ્યવસાય સાથે, અથવા જાતિ, ધર્મ અથવા રાષ્ટ્રીય મૂળના આધારે વ્યક્તિઓ સાથે વ્યવસાય કરવાનું ટાળવાની પ્રતિજ્ઞાની શરતે વાણિજ્યિક સંબંધો બાંધવાનો પ્રયાસ કરતા હોય છે. અમુક સરકારો અને કંપની બહિષ્કારની શરતો અંગે સંમતિ આપવાની સ્પષ્ટપણે મનાઈ ફરમાવે છે. સંભવિતપણે ગેરકાયદેસર ભાષા અંગે પ્રશ્નો માટે તમારી સ્થાનિક કાનૂની ટીમનો સંપર્ક કરો.

# આપણી વ્યવસાય કરવાની રીત: બજારમાં

## સરકાર સાથેનો વ્યવસાય

વિશ્વભરમાં ઘણા દેશોની સરકારો McCain Foodsના મહત્ત્વપૂર્ણ અને મૂલ્યવાન ગ્રાહકો છે. સાર્વજનિક હિતનું રક્ષણ કરવા, સરકારો સાથેની લેવડદેવડો વિશેષ કાનૂની નિયમો દ્વારા આવરી લેવામાં આવે છે અને તે ખાનગી કંપનીઓ સાથે વ્યવસાય કરવાથી અલગ હોય છે. સરકાર સાથે વ્યવસાય કરવા ઇચ્છતા તમામ ઠેકેદારોએ કાયદાઓ અને નિયમનોનું પાલન કરવું જરૂરી છે, કારણ કે અયોગ્યતાનો દેખાવ સુદ્ધાં કંપની અને સરકારી પ્રાપ્તિ પ્રક્રિયામાં લોકોનો વિશ્વાસ ઘટાડી શકે છે.

**McCain Foods સરકાર સાથેના વ્યવસાયને આવરી લેતાં કાયદાઓ અને નિયમનોનું કડક પાલન કરે છે.**

## સરકારી કર્મચારીઓને સોગાતો

ઘણા દેશોમાં સરકારી કર્મચારીઓ અથવા અધિકારીઓને સોગાતો, સૌજન્યો, મનોરંજન અથવા ભોજન, આપી શકાતું નથી, ભલે તે કેટલુંય નામમાત્રનું હોય. ઘણા દેશોએ સરકારી અધિકારીઓને રુશ્વત આપવાના કૃત્યને ગુનો ઠેરવતો કાયદો પસાર કર્યો છે અને, હેતુ અથવા ઇરાદાને ધ્યાને ન લેતાં, આ કાયદાઓનું ઉલ્લંઘન કરવા બદલના પ્રતિબંધો કઠોર હોઈ શકે છે. સોગાતો અને મનોરંજનની કાર્યપદ્ધતિઓને પરવાનગી હોય તેવા દેશોમાં McCain Foodsના કર્મચારીઓએ લાગુ પડતા નિયમનો અને આ સંહિતાનું પાલન કરવું જરૂરી છે.

**સરકારી અધિકારીને મૂલ્ય ધરાવતી કોઈ વસ્તુ - ભલે તે કેટલીયે નામમાત્રની હોય, આપતા પહેલાં તમારે તમારી સ્થાનિક કાનૂની ટીમની લેખિત મંજૂરી લેવી અને તમારા સ્થાનિક સરકારી સંપર્ક પ્રતિનિધિ (local Government Relations representative)ની સલાહ લેવી જરૂરી છે. તેમાં રોકડ, સોગાતો, ભોજન, મનોરંજન, કંપનીનું ઉત્પાદન, નોકરીના પ્રસ્તાવો વગેરેનો સમાવેશ થાય છે.**

## સરકારી કર્મચારીઓ ઉપર મૂકવામાં આવતા પ્રતિબંધો

કેટલીક સરકારો તેમનાં ઠેકેદારો અને પ્રાપ્તિ અધિકારીઓને પ્રાપ્તિ કરવામાં આવી રહી હોય ત્યારે અમુક પ્રવૃત્તિઓ કરવાની મનાઈ ફરમાવતી હોય છે. અસ્વીકાર્ય પ્રવૃત્તિઓમાં પ્રોપ્રાઇટરી અથવા સ્ત્રોત પસંદગીને લગતી માહિતીની વિનંતી કરવા અથવા તેને જાહેર કરવાનો સમાવેશ થાય છે. આ પ્રતિબંધો વિનંતીના વિકાસ, તૈયારી અને તેને જારી કરવાથી કોન્ટ્રાક્ટ આપવા અને કોન્ટ્રાક્ટમાં કોઈ સુધારા અથવા વધારા કરવા સુધી અમલમાં રહે છે.

### સરકારી અધિકારીઓ કોણ છે?

- કોઈપણ સરકાર અથવા સરકાર નિયંત્રિત સંસ્થાના કર્મચારીઓ
- રાજકીય પક્ષો અને પક્ષના અધિકારીઓ, જેમાં રાજકીય હોદ્દા માટેના ઉમેદવારોનો સમાવેશ થાય છે
- સંયુક્ત રાષ્ટ્ર જેવા જાહેર આંતરરાષ્ટ્રીય સંગઠનોના કર્મચારીઓ

# આપણી વ્યવસાય કરવાની રીત: બજારમાં

### સ્થાનિક નિયમનોથી પરિચિત થાઓ

સરકારી કોન્ટ્રાક્ટના કામ સાથે સંકળાયેલા તમામ કર્મચારીઓ પાસેથી વિશેષ નિયમનો, કાયદા અને સરકાર સાથેનો વ્યવસાય હાથ ધરવા માટેની કંપનીની પોતાની માર્ગદર્શક સૂચનાઓથી પરિચિત થવા અને તેનું પાલન કરવાની અપેક્ષા રાખવામાં આવે છે, જેમાં નીચેની ફરજોનો સમાવેશ થાય છે:

- કોન્ટ્રાક્ટના વિગતવાર વર્ણનનું પાલન કરવું
- ચોક્કસ ખર્ચ અને ભાવની માહિતી જણાવવી
- ખાનગી સામગ્રીનું પ્રગટીકરણ અટકાવવું
- પૂર્વ સરકારી કર્મચારીઓને રોજગાર આપવા પરના પ્રતિબંધોનું પાલન કરવું

સરકારી પ્રાપ્તિને લગતા કાયદાઓને લાગુ કરવાની યોગ્યતા અંગેના પ્રશ્નો તમારી સ્થાનિક કાનૂની ટીમને મોકલવા જોઈએ.

### રાજકીય પ્રવૃત્તિઓ અને ફાળા

McCain Foods માને છે કે સક્રિય અને માહિતગાર નાગરિકો સરકારી પ્રક્રિયાની કામગીરી માટે અતિઆવશ્યક છે, અને તમને તમારી પોતાની પસંદગીની જાહેર બાબતોમાં રાજકીય પ્રક્રિયામાં અને તમારી પોતાની માન્યતાઓ મુજબ ભાગ લેવા પ્રોત્સાહિત કરે છે. પરંતુ, તમારે કંપની વતી રાજકીય સહભાગિતા ટાળવી જોઈએ. તેમાં સામેલ છે અભિપ્રાયોની આપલે કરવી, ભંડોળ, ઉત્પાદન અથવા કંપનીની અન્ય અસ્કયામતો આપવી, રાજકીય અભિયાનો માટે સુમેળ સાધવો અથવા ભાગીદારી કરવી અથવા તમારી પોતાની વ્યક્તિગત રાજકીય માન્યતાઓને આગળ મૂકવા માટે કંપનીનાં નામ અથવા ઉત્પાદનોનો ઉપયોગ કરવો.

**કોઈપણ કર્મચારી McCain Foods Limitedના પ્રમુખ અને મુખ્ય કાર્યકારી અધિકારીની સ્પષ્ટ અધિકૃતિ વિના કોઈપણ રાજકીય પક્ષો અથવા ઉમેદવારોને કંપની અથવા સહયોગી કંપનીનાં ભંડોળ અથવા સંપત્તિમાંથી નાણાકીય, ઉત્પાદન અથવા અન્ય ફાળા આપશે નહીં, ભલે સ્થાનિક અથવા વિદેશી કાયદાઓ એવી કાર્યપદ્ધતિઓની પરવાનગી આપતા હોય.**

**ઉપરાંત, કોઈપણ કર્મચારી કંપની વતી ઉમેદવાર અથવા પક્ષને વ્યક્તિગત રાજકીય ફાળો આપવા અથવા ટાળવાના બીજા કર્મચારીનાં નિર્ણયને પ્રભાવિત કરવાનો પ્રયાસ કરશે નહીં.**

કંપની વ્યાવસાયિક કામગીરીઓને અસર કરતા વર્તમાન અથવા પ્રસ્તાવિત કાયદા અથવા સરકારી નીતિઓ અથવા કાર્યપ્રદર્શનનાં સંબંધમાં ધારાસભ્યો, સરકારી એજન્સીઓ અથવા સામાન્ય પ્રજાને તેનાં અભિપ્રાયો નિયમિતપણે જણાવે છે. કેટલાક દેશોએ આ પ્રવૃત્તિઓને નિયંત્રિત કરતા લૉબિસ્ટ અને/અથવા લૉબિસ્ટ નોંધણી કાયદો ઘડ્યો છે. કંપની તમામ કર્મચારીઓ પાસેથી આવા કાયદાનું પાલન કરવાની અપેક્ષા રાખે છે. ઉપરાંત, કંપની અને સરકારો અથવા રાજકીય પક્ષો વચ્ચેની તમામ આંતરક્રિયાઓ અને સંદેશાવ્યવહારનો વહીવટ McCain Foodsની સ્થાનિક સરકારી સંપર્ક ટીમ અને/અથવા કાનૂની ટીમ દ્વારા પ્રાદેશિક પ્રમુખના નેતૃત્વ હેઠળ કરવાનો હોય છે.

# પ્રશ્નો અને જવાબો

**મારો મિત્ર જાહેર પદનો ઉમેદવાર છે. હું અભિયાનમાં મદદ કરી શકું?**

હા. તમારી વ્યક્તિગત રાજકીય પ્રવૃત્તિ એ તમારી બાબત છે, પણ તમારે અભિયાનને આગળ ધપાવવા માટે કંપનીનાં સંસાધનો અથવા કંપનીનાં નામનો ઉપયોગ ટાળવો જોઈએ.

**એક વ્યવસાય તરીકે, આપણે ખાદ્યપદાર્થોની ઉત્પાદન પ્રક્રિયાને લગતા કેટલાક પ્રસ્તાવિત નવા કાયદા સાથે સંમત નથી. અમે કંપની વતી અમારા અભિપ્રાયો વ્યક્ત કરી શકીએ?**

સરકારી સંપર્કો સામાન્ય રીતે પ્રાદેશિક મુખ્ય કાર્યકારી અધિકારી દ્વારા નામનિર્દિષ્ટ અથવા કાનૂની ટીમ દ્વારા નિયંત્રિત અધિકૃત માધ્યમો મારફતે થવા જોઈએ, કારણ કે કંપનીનાં અભિપ્રાયો તેનાં સમગ્ર વ્યવસાયના સંદર્ભમાં પ્રસ્તુત થવા જોઈએ. ઉપરાંત, વર્તમાન અથવા પ્રસ્તાવિત કાયદા અથવા નિયમનને લગતી ટિપ્પણીઓ ઘણી વખત સાર્વજનિક રેકોર્ડની બાબત હોય છે, અને ઘણા દેશોમાં લૉબિંગની પ્રવૃત્તિ નિયંત્રિત કરવામાં આવે છે. જો તમે પ્રસ્તાવિત સરકારી પગલાની વ્યવસાય પર થતી અસર અંગે ચિંતિત હો, તો તેને તમારા સ્થાનિક સરકારી સંપર્ક નિયુક્ત અથવા કાનૂની ટીમના ધ્યાને લાવો.

### પર્યાવરણનું રક્ષણ કરવું

આપણે પ્રામાણિકતા, ગુણવત્તા, સુરક્ષા અને સામાજિક તેમજ પર્યાવરણીય જવાબદારીના સિદ્ધાંતોના માર્ગદર્શન હેઠળ ટકાઉ વિકાસ પ્રત્યે કટિબદ્ધ છીએ. આપણો મંત્ર છે: *It's All Good*™. McCain માટે તેનો અર્થ છે આપણાં ઉત્પાદનો અને સેવાઓની ગુણવત્તાને વધારવા માટે સતત કામ કરતા રહેવું અને આપણા દરેક કાર્યક્ષેત્રમાં પર્યાવરણની ગુણવત્તા સાચવવી.

**McCain Foods કાયદાનાં પાલનને ન્યૂનતમ ધોરણ માને છે.**

જ્યાં સ્થાનિક જરૂરિયાતો ન હોય અથવા જ્યાં એવી જરૂરિયાતો આપણા મતે કામગીરી માટે અપૂરતી હોય ત્યાં આપણે જવાબદારીયુક્ત પર્યાવરણીય કાર્યપદ્ધતિનું આપણું પોતાનું ધોરણ લાગુ કરીશું.

આપણું લક્ષ્ય છે આપણા વ્યવસાયની પ્રતિકૂળ અસરો ઘટાડવા માટે અસરકારક રીતો શોધીને આપણું પર્યાવરણીય કાર્યપ્રદર્શન સતત સુધારવું. તમે કંપનીની પર્યાવરણીય નીતિઓ સમજવા માટે અને કાર્યસ્થળ ખાતે સારી પર્યાવરણીય કાર્યપદ્ધતિઓ લાગુ કરવા માટે જવાબદાર છો.

નીતિના તમામ ઉલ્લંઘનોની જાણ તરત સ્થાનિક સપ્લાઈ ચેન અથવા કાનૂની ટીમોને કરવી જોઈએ.

***વધુ માર્ગદર્શન માટે વૈશ્વિક પર્યાવરણીય નીતિ (Global Environmental Policy) જુઓ.***

આપણી વ્યવસાય કરવાની રીત:
કંપનીમાં

- ખાનગી માહિતી
- કંપનીની અસ્કયામતોનો યોગ્ય ઉપયોગ
- વ્યાવસાયિક રેકોર્ડ્સ અને નિયંત્રણો
- છેતરપિંડી
- બાહ્ય સંદેશાવ્યવહાર
- વ્યાવસાયિક આરોગ્ય અને સુરક્ષા
- પદાર્થનો દુરુપયોગ

**ખાનગી માહિતી**

કંપનીની બિન-સાર્વજનિક ખાનગી માહિતી તેની સ્પર્ધાત્મક સરસાઈ માટે અતિમહત્ત્વપૂર્ણ છે. ખાનગી માહિતીનો અનધિકૃત ઉપયોગ કરવાથી અથવા તેને આપવાથી આ સરસાઈનું નુકસાન થઈ શકે, તેમજ ગ્રાહકો સાથેના સંબંધો બગડી શકે અને સાથી કર્મચારીઓને શરમિંદા કરી શકે અથવા હાનિ પહોંચાડી શકે છે.

ખાનગી માહિતીમાં નીચેનાનો સમાવેશ થાય છે:

- McCain Foods દ્વારા સર્જિત, પ્રાપ્ત કરેલ અથવા નિયંત્રિત કોઈપણ માહિતી કે જેની બાબતે કંપનીએ નક્કી કર્યું હોય કે તેને જાહેર પ્રગટીકરણથી સુરક્ષિત રાખવી જોઈએ
- ખાનગીપણા અથવા અપ્રગટીકરણ કરારની શરતો હેઠળ ત્રીજા પક્ષકાર પાસેથી મેળવેલી માહિતી

**સામાન્ય રીતે, કંપનીની બાહ્યમુખી વેબ સાઈટો અથવા કંપનીની પ્રોત્સાહનાત્મક અથવા માર્કેટિંગ સામગ્રીમાં જાહેરપણે ન મૂકેલી કોઈપણ માહિતીને બિન-સાર્વજનિક ગણવામાં આવે છે અને તેને હંમેશા ખાનગી રાખવી જોઈએ.**

બિન-સાર્વજનિક માહિતીમાં નીચેનાનો સમાવેશ થઈ શકે છે, પરંતુ તેનાં સુધી મર્યાદિત નથી:

- નાણાકીય રેકોર્ડ્સ (આંતરિક ડેટાબેઝીસ, પત્રકો, કોન્ટ્રાક્ટો, પુરવઠાકારોએ જણાવેલી કિંમતો)
- વ્યાવસાયિક યોજનાઓ (વ્યૂહો, પેટન્ટ/ટ્રેડમાર્ક એપ્લિકેશન્સ, પરિણામો, વિલીનીકરણો અથવા સંપાદનો)
- સેલ્સ અને માર્કેટિંગ અંગે માહિતી (ઉત્પાદન યોજનાઓ, બજાર હિસ્સા અંગે માહિતી, બજારમાં મુકાતા નવાં ઉત્પાદનો)
- કર્મચારી રેકોર્ડ્સ (ઘરના સરનામા અને ફોન નંબરો, તબીબી રેકોર્ડ્સ, કર્મચારી અને પગાર માહિતી, મેનેજમેન્ટમાં થયેલા મોટા ફેરફારો)
- ટેક્નિકલ માહિતી (વાનગી બનાવવાની રીતો/વિગતવાર વર્ણનો, ડિઝાઈનો/રેખાકૃતિઓ, એન્જિનિયરિંગ/ઉત્પાદન જાણકારી, પ્રક્રિયાઓની વિગતો, કૉપીરાઈટવાળી સામગ્રી, સૉફ્ટવેર)

**તમારે સુનિશ્ચિત કરવું જોઈએ કે કંપનીની નીતિઓ અને સૂચનાઓ મુજબ તમારા નિર્દેશ કે નિયંત્રણ હેઠળની માહિતી યોગ્ય રીતે સુરક્ષિત રાખવામાં આવે છે. તમારી પાસેથી એવી પણ અપેક્ષા રાખવામાં આવે છે કે તમે કંપની માટે બંધનકર્તા ત્રીજા પક્ષકારના ખાનગીપણા અને અપ્રગટીકરણ કરારોનું પાલન કરો.**

ખાનગી માહિતીને સુરક્ષિત રાખવામાં નીચેનાનો સમાવેશ થાય છે:

- "જાણવાની જરૂરિયાતવાળી" અધિકૃત વ્યક્તિઓ સુધી ખાનગી માહિતીની સુલભતા મર્યાદિત રાખવી
- માત્ર અધિકૃતિ દ્વારા અને જ્યાં માન્ય વ્યાવસાયિક જરૂરિયાત હોય ત્યાં જ ખાનગી માહિતી જાહેર કરવી, અને તે પણ, માત્ર કંપની નીતિઓ અને સૂચનાઓમાં જણાવ્યા પ્રમાણે
- વ્યક્તિગત લાભ માટે અથવા કંપની સિવાયના અન્ય હેતુઓસર કંપનીની માહિતીનો ઉપયોગ કરવાનું ટાળવું
- લાગુ પડતા કરારોની શરતોનું પાલન કરવું

ભલે તે ઈરાદાપૂર્વક હોય કે બિનઈરાદાપૂર્વક, ખાનગી માહિતી અનધિકૃત રીતે અથવા શંકાસ્પદ રીતે આપવા અંગે તરત સ્થાનિક મેનેજમેન્ટ અને તમારી સ્થાનિક કાનૂની ટીમને જાણ કરવી જોઈએ.

# પ્રશ્નો અને જવાબો

**હું જે ટેક્નિકલ કામ કરું છું તે ખાનગી છે, પણ રાત્રે તેને તાળાબંધ રાખવાની અગવડ રહે છે. મને વિશ્વાસ છે કે તે મારા ડેસ્ક પર સુરક્ષિત રહેશે. હું તેને ત્યાં મૂકી શકું છું?**

ના. તમે તમારા ડેસ્કથી દૂર હો ત્યારે ખાનગી દસ્તાવેજો સુરક્ષિત અને ન દેખાય તે રીતે રાખવા જોઈએ. જો તમે સંવેદનશીલ અથવા ખાનગી માહિતીનો વ્યવહાર કરતા હો તો તમે તેને હાનિથી, ગુમ થઈ જવાથી અથવા અનધિકૃત રીતે આપવાથી બચાવવા માટે જવાબદાર છો.

**મારું લૅપટૉપ કોમ્પ્યુટર ચોરાઈ ગયું. મારે શું કરવું જોઈએ?**

દરેક કર્મચારીનાં લૅપટૉપ પર કંપનીની ખાનગી માહિતી રહે છે, અને તેની ચોરી ગંભીર બાબત છે. માહિતી સેવાઓ (Information Services)ને તરત જાણ કરો, અને તેમને તમારી વ્યક્તિગત ડ્રાઈવ્સ પરના વિષયવસ્તુને લગતી શક્ય એટલી માહિતી પૂરી પાડો. ઉપરાંત, તમારા સ્થાનિક મેનેજમેન્ટ અને કાનૂની ટીમને જણાવો.

# આપણી વ્યવસાય કરવાની રીત: કંપનીમાં

### કંપનીની અસ્કયામતોનો યોગ્ય ઉપયોગ

નૈતિક વર્તણૂકનું પ્રદર્શન ફક્ત તમે અન્ય લોકો સાથે કેવો વ્યવહાર કરો છો તેનાંથી નથી થતું, પરંતુ જે સંપત્તિ તમારી ન હોય તેને તમે કઈ રીતે રાખો છો તેનાંથી પણ થાય છે. મૂર્ત અને અમૂર્ત સહિતની, કંપનીની અસ્કયામતો કંપનીની રોજબરોજની વ્યાવસાયિક કામગીરીઓ માટે અતિમહત્ત્વપૂર્ણ છે.

**તમે કંપનીની અસ્કયામતોનો સુરક્ષિત અને યોગ્ય ઉપયોગ અને સંભાળ સુનિશ્ચિત કરવા માટે જવાબદાર છો.**

સામાન્ય નિયમ મુજબ, કંપનીની અસ્કયામતો માત્ર કંપનીનાં લાભ માટે ઉપયોગમાં લેવી જોઈએ, વ્યક્તિગત લાભ કે કંપની સિવાયની કોઈ વ્યક્તિના લાભ માટે નહીં. આવું કહેવા છતાં, યોગ્ય ઉપયોગ અંગે નિર્ણય લેતી વખતે તમારી કોઠાસૂઝનો ઉપયોગ કરવો મહત્ત્વપૂર્ણ છે. દાખલા તરીકે, કાર્યસ્થળથી પ્રાસંગિક ફોન કૉલ અથવા ઈમેલ સ્વીકાર્ય છે, જ્યારે વધારે પડતું ઇન્ટરનેટ સર્ફિંગ, ફોન કૉલ્સ અથવા ઈમેલ અસ્કયામતોનો દુરુપયોગ છે. ઉપરાંત, તમે કાર અથવા વાયરલેસ સાધન જેવી કંપનીની અમુક અસ્કયામતોની સુલભતા મેળવી શકો છો. જો તેમ હોય તો તમે આ અસ્કયામતોનો અપેક્ષા મુજબ ઉપયોગ કરી રહ્યા છો તેની ખાતરી કરવા માટે સ્થાનિક નીતિઓ જોઈ જવી મહત્ત્વપૂર્ણ છે.

#### કંપનીની અસ્કયામતોનાં ઉદાહરણો:

**મૂર્ત**

- કંપનીનાં નાણાં
- કંપનીનું ઉત્પાદન
- કોમ્પ્યુટર સિસ્ટમ્સ અને સૉફ્ટવેર
- ટેલિફોન્સ
- વાયરલેસ કોમ્યુનિકેશન્સ ડિવાઇસીસ
- ફોટોકૉપિયર્સ
- સંગીત જલસા અથવા રમતગમતના પ્રસંગોની ટિકિટો
- કંપનીનાં વાહનો
- ઉત્પાદનની સાધનસામગ્રી

**અમૂર્ત**

- કાર્યસ્થળ ખાતેનો કર્મચારીનો સમય
- પ્રોપ્રાઇટરી માહિતી
- કંપનીનાં ટ્રેડમાર્ક્સ
- બૌદ્ધિક સંપત્તિ
- કિંમત નક્કી કરવાના નુસખા
- ગ્રાહક યાદીઓ

# પ્રશ્નો અને જવાબો

**હું માર્કેટિંગ મેનેજર છું, અને મને સ્થાનિક સામુદાયિક કૉલેજે રાતના વિદ્યાર્થીઓને માર્કેટિંગનો કોર્સ શીખવાડવા કહ્યું છે. શું હું કંપનીએ પૂરા કરેલા માર્કેટિંગના વિશિષ્ટ અભિયાનોનાં ઉદાહરણો વાપરી શકું?**

માર્કેટિંગના વ્યૂહ અને રચનાત્મક વિકાસને પ્રોપ્રાઇટરી માહિતી ગણવામાં આવે છે કારણ કે તે કંપનીનાં સંશોધનના આધારે રચાયેલી છે. આ માહિતીની આપલે કરવાથી સંહિતાનું ઉલ્લંઘન થશે.

આવું કહેવા છતાં, તમે અભિયાનના સંદેશાવ્યવહાર અને રચનાત્મક અમલ બજવણી સહિત, માર્કેટિંગ અભિયાન મારફતે સાર્વજનિક રીતે ઉપલબ્ધ કરેલી માહિતી સુધી ચર્ચાને મર્યાદિત રાખીને, સામાન્ય સ્તરે ચોક્કસ માર્કેટિંગ અભિયાનો સાથ વાત કરી શકો છો. વ્યૂહ અથવા પરિણામોને લગતી કોઈપણ માહિતીને ખાનગી ગણવામાં આવે છે અને તેને જાહેર ન કરવી જોઈએ.

**હું વહીવટી મદદનીશ (administrative assistant) છું, અને મારા નિરીક્ષક તેમનાં વતી મારી પાસે સતત અંગત ખેપો કરાવે છે જેમ કે ડ્રાઇ ક્લિનિંગ લેવા જવું અને અંગત સોગાતો ખરીદવી. શું આ યોગ્ય છે?**

ના. તમારો સમય કંપનીની અસ્કયામત છે, અને વ્યવસાયના સમય દરમિયાન કંપનીને લગતી ન હોય તેવી પ્રવૃત્તિ કરાવવી એ તમારા સમયનો દુરુપયોગ છે. કંપની વતી તમારા સમયનો કેવી રીતે ઉપયોગ કરી શકાય તે અંગે તમારા નિરીક્ષક સાથે વાત કરો. જો તમારા નિરીક્ષકને અંગત સહાયની જરૂર હોય તો તેમને અંગત મદદનીશ શોધવામાં મદદ કરવાનો પ્રસ્તાવ આપો.

***વધુ માર્ગદર્શન માટે નીચેની કંપની નીતિઓ જુઓ:***

- ***વૈશ્વિક કોમ્પ્યુટર ઉપયોગ નીતિ (Global Computer Use Policy)***
- ***વૈશ્વિક કૉર્પોરેટ કાર્ડ નીતિ (Global Corporate Card Policy)***
- ***ઈમેલને લગતી વૈશ્વિક માર્ગદર્શક સૂચનાઓ (Global Email Guidelines)***
- ***વૈશ્વિક મુસાફરી અને ખર્ચ નીતિ (Global Travel & Expense Policy)***

### વ્યવસાયના રેકોર્ડ્સ અને નિયંત્રણો

કંપનીનાં રેકોર્ડ્સ તેનાં વ્યવસાયનું પ્રતિનિધિત્વ કરે છે અને સુનિશ્ચિત કરે છે કે કંપની તેની કાનૂની અને નિયમનકારી ફરજો પૂરી કરે. આમાં માત્ર નાણાકીય રેકોર્ડ્સ નહીં, પરંતુ સમયની નોંધો, ખર્ચના અહેવાલો, લાભ દાવા પત્રકો અને રિઝ્યૂમ સહિત પરંતુ તેનાં સુધી મર્યાદિત ન હોય તેવા, કર્મચારીઓએ પૂરા કરેલા ગુણવત્તા અહેવાલોનો પણ સમાવેશ થાય છે.

**કંપનીનાં વ્યાવસાયિક અને નાણાકીય રેકોર્ડ્સની ચોકસાઈ, કાનૂની અને નૈતિક બન્ને રીતે, સુનિશ્ચિત કરવાની તમારી જવાબદારી છે. ક્યારેક પ્રામાણિક ભૂલો થશે; માત્ર ઇરાદાપૂર્વક ગેરરજૂઆત કરવાના પ્રયાસો અથવા અન્ય રીતે કંપનીનાં વ્યાવસાયિક રેકોર્ડ્સને ખોટા સ્વરૂપે રજૂ કરવાના પ્રયાસોને સંહિતાના ઉલ્લંઘનો ગણવામાં આવે છે.**

### નાણાકીય રેકોર્ડ્સ

કંપનીનું મેનેજમેન્ટ, ઋણદાતાઓ અને શૅરધારકો કંપનીની નાણાકીય સ્થિતિ અને કામગીરીનાં પરિણામોને નિષ્પક્ષ રીતે રજૂ કરતા નાણાકીય પત્રકો મેળવવાના હકદાર છે. પુરવઠાકારો, ગ્રાહકો અને કર્મચારીઓ સાથે પ્રામાણિક અને નિષ્પક્ષ રીતે વ્યવહાર કરવાની આપણી ક્ષમતા એ વાત પર નિર્ભર રહે છે કે દરેકે દરેક લેવડદેવડ ચોકસાઈપૂર્વક અને સંપૂર્ણપણે નોંધવામાં આવે. તે મુજબ, કંપનીનાં રેકોર્ડ્સ અને નામાં કંપનીની તમામ લેવડદેવડોની બાબતમાં સાચા અને સંપૂર્ણ હોવા જોઈએ.

કંપની આંતરિક નિયંત્રણોની એવી વ્યવસ્થા પ્રત્યે કટિબદ્ધ છે કે જે:

૧. વ્યાજબી ખાતરી આપશે કે લેવડદેવડો કંપનીની નીતિ મુજબ પૂરી કરવામાં આવશે અને નોંધવામાં આવશે

૨. વિશ્વસનીય નાણાકીય પત્રકો તૈયાર કરવાની પરવાનગી આપશે

૩. એકંદર નાણાકીય નિયંત્રણ જાળવશે

આ નિયંત્રણો ઉપરાંત, નીચેની બાબતોની ખાતરી કરવાની તમારી જવાબદારી છે:

- ચુકવણી માટે પ્રોસેસ કરેલા ઈન્વૉઇસીસને યોગ્ય મંજૂરી મળી હોય અને તે એ ઈરાદાથી કરવામાં આવ્યા હોય કે ચુકવણીના સહાયક દસ્તાવેજોમાં વર્ણવેલ હેતુસર ચુકવણીનો ઉપયોગ કરવામાં આવશે
- કોઈપણ જાહેર ન કરેલું અથવા ન નોંધેલું ભંડોળ અથવા અસ્કયામતો કોઈપણ હેતુસર સ્થાપિત કરવામાં ન આવે અથવા જાળવી રાખવામાં ન આવે
- કોઈપણ ચોપડાં કે રેકોર્ડ્સમાં કોઈપણ કારણસર કોઈ ખોટી કે ગેરમાર્ગે દોરતી નોંધો કરવામાં ન આવે

**હંમેશા લેવડદેવડો યોગ્ય હિસાબી ગાળામાં અને યોગ્ય ખાતા અને વિભાગમાં નોંધવી અને વર્ગીકૃત કરવી. બજેટનાં લક્ષ્યાંકો પૂરા કરવા માટે આવક અથવા ખર્ચની નોંધણીમાં વિલંબ ન કરવો અથવા તેની ગતિ ન વધારવી.**

જો તમારી પાસે એવું માનવાનું કારણ હોય કે કોઈ ભંડોળ, અસ્કયામત, નોંધ અથવા ચુકવણી છે જે કંપનીનાં ધોરણોનું ઉલ્લંઘન કરે છે, તો તમારે તમારી સ્થાનિક કાનૂની ટીમ, નાણા નિયામક અથવા કંપનીની કૉર્પોરેટ આંતરિક ઑડિટ ટીમને તમારી ચિંતા જણાવવી જોઈએ.

***વધુ માર્ગદર્શન માટે વૈશ્વિક નાણાકીય પ્રમાણભૂત કાર્યપદ્ધતિ સૂચના પુસ્તક (Global Finance Standard Practice Instruction Manual) જુઓ.***

# પ્રશ્નો અને જવાબો

**આજે મહિનાની છેલ્લી તારીખ છે, અને મારો અહેવાલ બતાવે છે કે મારો વિભાગ બજેટથી જરાક નીચે છે. લક્ષ્યાંક પૂરો કરવા માટે મારા નિરીક્ષકે મને આવતા મહિનાના એક કે બે ખર્ચ ઉમેરવાની સૂચના આપી છે. શું આ યોગ્ય છે?**

ના. તમે કંપનીનાં નાણાકીય પરિણામોના સાચા અને સંપૂર્ણ રેકોર્ડ્સ તૈયાર કરવા માટે જવાબદાર છો. તમારે આ વાત તમારા નિરીક્ષકના ધ્યાન પર લાવવી જોઈએ, અને જો તેઓ તમને તમારા રેકોર્ડ્સમાં ફેરફાર કરવાનો આગ્રહ ચાલુ રાખે, તો તરત વરિષ્ઠ મેનેજર અથવા તમારા સ્થાનિક માનવ સંસાધન અથવા કાનૂની ટીમને બાબતની જાણ કરવી જોઈએ.

# પ્રશ્નો અને જવાબો

**આવતા અઠવાડિયે હું બિઝનેસ ટ્રિપ પર હોઉં ત્યારે હું મારી બહેનને તેનાં જન્મદિવસ નિમિત્તે ડિનર માટે લઈ જવા માગું છું. જો હું ક્રેડિટ કાર્ડની રસીદ આપું તો મારું રેસ્ટોરન્ટ બિલ મારા ખર્ચ ખાતામાં નાખી શકું?**

તમે ભરપાઈ માટે રેસ્ટોરન્ટ બિલનો હિસ્સો આપી શકો છો, પરંતુ અંગત ખર્ચ (તમારી બહેનનું ભોજન) માનવામાં આવતો બિલનો હિસ્સો સીધો તમારે ચૂકવવાનો રહેશે.

### છેતરપિંડી

છેતરપિંડી એક ગુનો છે અને કંપનીનાં સંસાધનો અને પ્રતિષ્ઠા માટે હંમેશા હાજર રહેતો ભય છે. છેતરપિંડી એ લાભ મેળવવા અથવા ફરજને ટાળવા અથવા બીજા પક્ષકારને નુકસાન પહોંચાડવાના ઈરાદાથી કરેલો કપટનો ઉપયોગ છે.

છેતરપિંડીનાં કેટલાંક ઉદાહરણોમાં નીચેનાનો સમાવેશ થાય છે, પરંતુ તેનાં સુધી મર્યાદિત નથી:

- ભંડોળની ચોરી
- ખર્ચના ખોટા અહેવાલો અને ઇન્વૉઇસીસ રજૂ કરવા
- કંપનીનાં રેકોર્ડ્સમાં ફેરફાર કરવો અથવા ખોટી રજૂઆત કરવી
- બનાવટી ચેક અથવા કોઈ અન્ય નાણાકીય દસ્તાવેજ અથવા ચેક કે અન્ય નાણાકીય દસ્તાવેજમાં ફેરફાર કરવો
- એવી કોઈ હકીકત છુપાવવી કે જે કંપનીની નાણાકીય સ્થિતિ અથવા વ્યવસાય કરવાની ક્ષમતા પર નોંધપાત્ર અસર કરી શકે
- કાર્યપ્રદર્શનનાં ઉદ્દેશો હાંસલ કરવા માટે લેવડદેવડો અથવા નાણાકીય પરિણામોની ગેરરજૂઆત
- રેકોર્ડ્સ અથવા કંપનીની અસકયામતોને નષ્ટ કરવી, દૂર કરવી અથવા તેનો અયોગ્ય ઉપયોગ કરવો
- અન્ય પક્ષકારોની છેતરપિંડીમાં જાણીજોઈને ભાગ લેવો
- કંપનીની પ્રવૃત્તિઓ અંગે અંદરની જાણકારી હોવાના પરિણામે ફાયદો થવો

મેનેજમેન્ટ છેતરપિંડીને અટકાવવા અને પકડવા માટે આંતરિક નિયંત્રણો, નીતિઓ અને પ્રક્રિયાઓને ઓળખવાની અને લાગુ કરવાની ફરજ ધરાવે છે. તમે તમારી સ્થાનિક કાનૂની અને/અથવા આંતરિક ઑડિટ ટીમોને શંકાસ્પદ છેતરપિંડીના તમામ કિસ્સાઓ અંગે જાણ કરવાની જવાબદારી ધરાવો છો.

**છેતરપિંડી**

છેતરપિંડી એ અંગત લાભ માટે અથવા બીજી વ્યક્તિ અથવા પક્ષકારને નુકસાન અથવા હાનિ પહોંચાડવા માટે ઈરાદાપૂર્વક કરેલું કપટ છે.

### બાહ્ય સંદેશાવ્યવહાર

કંપની પોતાને બજારમાં જે રીતે રજૂ કરે છે તે સંગઠનની સફળતા માટે અતિમહત્ત્વપૂર્ણ છે. બહારની કોઈ આંતરક્રિયાનો લક્ષ્યાંક એકંદરે સંભવિત અને વાસ્તવિક ગ્રાહકો અને ઉપભોક્તાઓ સમક્ષ કંપની અને તેનાં ઉત્પાદનો અથવા સેવાઓની સાનુકૂળ અને સાચી છબી રજૂ કરવાનો હોય છે.

બાહ્ય સંદેશાવ્યવહાર માધ્યમોમાં નીચેનાનો સમાવેશ થાય છે, પરંતુ તેનાં સુધી મર્યાદિત નથી:

- અંગત આંતરક્રિયાઓ અને વ્યાવસાયિક બેઠકો
- મીડિયા અને સરકારી સંપર્કો
- માર્કેટિંગ અને પ્રોત્સાહનાત્મક સામગ્રી
- જાહેર ખબરો
- ભાષણો અને પ્રસ્તુતિઓ
- ઈન્ટરનેટ અને ઈમેલ

### જનસંચાર માધ્યમો

માર્કેટિંગ અથવા પ્રોત્સાહનાત્મક સામગ્રી, કંપની ઈન્ટરનેટ્સ, જાહેર ખબરો, સેલ્સ પ્રમોશન્સ વગેરે, જનસમૂહને પહોંચતા સંદેશાવ્યવહારમાં કંપનીનું મેસેજિંગ અને બ્રાન્ડ અથવા કૉર્પોરેટ છબી સ્થાનિક અથવા કૉર્પોરેટ માર્કેટિંગ અને/અથવા સંદેશાવ્યવહાર ટીમો દ્વારા અતિ નિયંત્રિત કરવામાં આવે છે. જો તમે જનસમૂહ માટે સામગ્રી વિકસાવતા હો અથવા વિકસાવવાનું વિચારતા હો, તો કંપનીનું મેસેજિંગ અને બ્રાન્ડ છબી યોગ્ય રીતે પ્રતિબિંબિત થાય તેની ખાતરી કરવા માટે તમારે સૌપ્રથમ તમામ અંતિમ સામગ્રીની સમીક્ષા કરાવવા અને મંજૂર કરાવવા માટે આ ટીમોની સલાહ લેવી જોઈએ.

### અંગત સંદેશાવ્યવહાર

અંગત સંદેશાવ્યવહાર, જેમ કે રૂબરૂ વ્યાવસાયિક બેઠકો, વ્યાવસાયિક પત્રો, ગ્રાહક પ્રસ્તુતિઓ અને ઈમેલ્સ કંપનીનું મેસેજિંગ અને બ્રાન્ડ છબી પ્રતિબિંબિત કરતા હોવા જોઈએ. જો તમે બાહ્ય સંદેશાવ્યવહાર માટે જવાબદાર હો, તો કંપનીની બ્રાન્ડ અથવા કૉર્પોરેટ છબીનો એકંદર સૂર, શૈલી અને છબી સાથે પરિચિત થવાની જવાબદારી તમારી છે. જો તમને અસ્પષ્ટતા હોય, તો કૃપા કરી તમારા સ્થાનિક માર્કેટિંગ અથવા સંદેશાવ્યવહાર ટીમની સલાહ લો.

### ભાષણો અને પ્રસ્તુતિઓ

સમયાંતરે તમને કંપની વતી સ્થાનિક અથવા આંતરરાષ્ટ્રીય સભા અથવા પ્રસંગમાં બોલવા અથવા રજૂઆત કરવા આમંત્રિત કરવામાં આવે તેમ બની શકે છે. જો તેમ બને, તો કંપની માટે સહભાગિતા ફાયદાકારક નીવડશે કે કેમ અને વિષય રજૂ કરવા માટે તમે યોગ્ય વ્યક્તિ છો કે કેમ તે નક્કી કરવા માટે તમારા નિરીક્ષક સાથે આમંત્રણની સમીક્ષા કરો. બિન-સાર્વજનિક માહિતીનું પ્રગટીકરણ થતું નથી તેની ખાતરી કરવા ડિલીવરી પહેલાં બાહ્ય પ્રેક્ષકો માટે વિકસાવેલા તમામ ભાષણો અને પ્રસ્તુતિઓની તમારા સ્થાનિક સંદેશાવ્યવહાર અથવા વરિષ્ઠ મેનેજમેન્ટ ટીમ દ્વારા સમીક્ષા થવી જોઈએ અને તેને મંજૂરી મળવી જોઈએ.

# આપણી વ્યવસાય કરવાની રીત: કંપનીમાં

કંપની દ્વારા અધિકૃત કરેલા અને કંપનીનાં શ્રેષ્ઠ હિતમાં હોવાનું નક્કી થયેલા ભાષણો અથવા પ્રસ્તુતિઓ માટે તમારે ચુકવણી સ્વીકારવી ન જોઈએ. તમારા મેનેજરની લેખિત મંજૂરીથી મુસાફરી, રહેવાની સગવડો અને/અથવા ભોજન માટે ભરપાઈની પરવાનગી છે.

**મીડિયા અને સરકારી સંપર્કો**

McCain Foods એ મીડિયા સાથે વાત કરવા અને મીડિયાની પૂછપરછના જવાબ આપવા, તેમજ ઓળખેલા મુદ્દાઓ પર સરકારને મળવા ઉપલબ્ધ વ્યક્તિઓને અધિકૃત કર્યા છે. તે તમારી સ્થાનિક સંદેશાવ્યવહાર અથવા સરકારી સંપર્ક ટીમ, વરિષ્ઠ મેનેજમેન્ટ અથવા કંપનીની વૈશ્વિક સંદેશાવ્યવહાર ટીમના પ્રતિનિધિ હોઇ શકે છે, જે આંતરરાષ્ટ્રીય પ્રકારની પૂછપરછ માટે અથવા જરૂર પડે ત્યાં પ્રદેશોને સહાય આપવા માટે જવાબદાર રહેશે.

**ફક્ત અધિકૃત પ્રવક્તાઓ મીડિયાની પૂછપરછોનો જવાબ આપી શકશે અથવા સરકારને મળી શકશે.**

જો તમે અધિકૃત પ્રવક્તા ન હો, તો તમારે મીડિયાની કોઈ પૂછપરછનો જવાબ ન આપવો જોઈએ અથવા મીડિયાના સભ્યને કોઈ માહિતી પૂરી ન પાડવી જોઈએ, સિવાય કે અધિકૃત પ્રવક્તાએ વિશિષ્ટપણે તેમ કરવાની વિનંતી કરી હોય. મીડિયાની તમામ પૂછપરછો તરત તમારા સ્થાનિક પ્રવક્તાને મોકલવી જોઈએ. જો તમે નિશ્ચિતપણે ન જાણતા હો કે તમારા પ્રદેશ માટેના અધિકૃત પ્રવક્તા કોણ છે, તો તમારા નિરીક્ષકની સલાહ લો અથવા વૈશ્વિક સંદેશાવ્યવહારનો સંપર્ક કરો.

**વ્યાવસાયિક આરોગ્ય અને સુરક્ષા**

અમારે અમારા તમામ કર્મચારીઓ માટે સ્વસ્થ અને સુરક્ષિત કામનું વાતાવરણ જાળવવું છે, અને અમે કામ સંબંધિત ઈજાઓ, માંદગીઓ અને અકસ્માતોનું જોખમ બને તેટલું ઘટાડવા માટે દરેક વ્યાજબી સાવચેતી લેવાય તે રીતે અમારો વ્યવસાય કરીશું.

**કંપનીનાં આરોગ્ય અને સુરક્ષા ધોરણો અથવા જરૂરિયાતોનું પાલન કરવું બંધનકારક છે, અને તેને ન્યૂનતમ જરૂરિયાતો માનવી જોઈએ.**

તમારે નીચેની બાબતો માટે દરેક પ્રયત્ન કરવો જોઈએ:

- કાર્યસ્થળ ખાતે સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે તમામ વ્યાજબી સાવચેતીઓ લેવી અને સુરક્ષા કાર્યપ્રદર્શન સુધારવા માટે સતત પ્રયાસ કરવો
- સુરક્ષા અંગે જાગરૂકતા અને સર્વોચ્ચ સુરક્ષાનું માનસિક વલણ પ્રોત્સાહિત કરવા કામ કરવું
- અસુરક્ષિત સ્થિતિઓ નિવારવા, દૂર કરવા અને અસુરક્ષિત વર્તનને દૂર કરવા પર ભાર મૂકવો
- સુરક્ષિત કાર્યપદ્ધતિઓ અને પ્રક્રિયાઓ અનુસરવી
- સુરક્ષા સંબંધિત તમામ કમીઓ અને અપાલનોને ત્વરિતપણે સુધારવા
- કાર્યસ્થળ ખાતે કોઈપણ કારણસર આરોગ્ય અને સુરક્ષા અંગે બાંધછોડ ન કરવી

### પદાર્થનો દુરુપયોગ

કંપની તેનાં કર્મચારીઓનાં આરોગ્ય, સુરક્ષા અને તંદુરસ્તી પ્રત્યે કટિબદ્ધ છે. આ કટિબદ્ધતાના ભાગરૂપે, કંપની તેની કામગીરીઓ સાથે સંકળાયેલા જોખમોને બને તેટલા ઘટાડવા અને સુરક્ષિત, સ્વસ્થ અને ઉત્પાદક કાર્યસ્થળ સુનિશ્ચિત કરવા દરેક વ્યાજબી પ્રયત્ન કરે છે.

કંપની સંબંધિત વ્યાવસાયિક, સામાજિક અને મનોરંજનાત્મક પ્રસંગો દરમિયાન તમારી પાસેથી જવાબદારીપૂર્વક વર્તવાની અપેક્ષા રાખવામાં આવે છે, અને તમને સોંપેલી ફરજો બજાવવા તમારે હંમેશા સ્વસ્થ હોવું જરૂરી છે. કાર્યસ્થળ પર હો ત્યારે તમે આલ્કોહૉલ, દવા અથવા ગેરકાયદેસર ડ્રગ્સના ઉપયોગની અસર હેઠળ ન હોવા જોઈએ.

જો તમને લાગે કે તમને આલ્કોહૉલ અથવા પદાર્થના દુરુપયોગ સંબંધિત સમસ્યા છે, અને તમે સારવાર ન લેતાં હો, તો McCain Foods ત્રીજા પક્ષકારની ખાનગી સેવા મારફતે તેનાં ઘણા પ્રદેશોમાં કર્મચારી સહાયતા કાર્યક્રમો રજૂ કરે છે. અમે તમને આ કાર્યક્રમોની સહાયતા લેવા પ્રોત્સાહિત કરીએ છીએ. અમે તમારી સ્થાનિક માનવ સંસાધન ટીમ સાથે તમારી વ્યક્તિગત પરિસ્થિતિની ચર્ચા કરવામાં પણ તમને સહાય આપીએ છીએ. અમે અમારા કર્મચારીઓને તેમની પૂર્ણ ક્ષમતાએ પહોંચવામાં વ્યાજબીપણે સહાય કરવા કટિબદ્ધ છીએ, અને કંપની દ્વારા રોજગારમાં રોકેલા હોવા દરમિયાન તમારી સમસ્યાઓ પર કામ કરવા અમે તમારા માટે એક વ્યક્તિગત રોજગાર યોજના ઘડીશું. જોકે, એ વાત સમજી લેવી જોઈએ કે સંમતિ મુજબ યોજના પૂરી કરવામાં નિષ્ફળતા રોજગારની સમાપ્તિ સુધીના અને તે સહિતના શિસ્તના પગલામાં પરિણમી શકે છે.

***વધુ માર્ગદર્શન માટે નીચેની નીતિઓ જુઓ:***

- ***વૈશ્વિક આરોગ્ય અને સુરક્ષાને લગતી માર્ગદર્શક સૂચનાઓ (Global Health & Safety Guidelines)***
- ***વૈશ્વિક જોખમી ઊર્જા નિયંત્રણ (લૉકઆઉટ/ટૅગઆઉટ) નીતિ [Global Hazardous Energy Control (Lockout/Tagout) Policy]***
- ***વૈશ્વિક ઘટના તપાસ અને રિપોર્ટિંગ નીતિ (Global Incident Investigation and Reporting Policy)***
- ***વૈશ્વિક ઘટના નોંધલેખન પ્રક્રિયા (Global Incident Recordkeeping Procedure)***
- ***વૈશ્વિક જોખમી રસાયણ નીતિ (Global Hazardous Chemicals Policy)***
- ***સેલ ફોન સંબંધિત વૈશ્વિક માર્ગદર્શક સૂચનાઓ (Global Cell Phone Guidelines)***

# આપણી વ્યવસાય કરવાની રીત: હિતોનો સંઘર્ષ

વ્યવસાય બહારના હિતો અને રોજગાર

ગ્રાહકો, વિક્રેતાઓ અને પુરવઠાકારો સાથેના સંબંધો

સગાં-સંબંધીઓ

વાંધાજનક અથવા અયોગ્ય ચુકવણીઓ

સોગાતો અને મનોરંજન

# આપણી વ્યવસાય કરવાની રીત: હિતોનો સંઘર્ષ

સામાન્ય રીતે હિતોનો સંઘર્ષ એ વખતે ઉદ્‌ભવે છે જ્યારે આપણે એવી પ્રવૃત્તિને પ્રોત્સાહન આપીએ છીએ અથવા તેમાં ભાગ લઈએ છીએ કે જે નીચેનામાં પરિણમે છે અથવા પરિણમતી હોવાનું સમજાય છે:

- કંપની વતી આપણી જવાબદારીઓ અને ફરજો નિભાવવામાં આપણી વસ્તુલક્ષિતા સાથે હસ્તક્ષેપ કરવામાં
- પોતાને અથવા એવા લોકોને લાભ પહોંચાડવામાં કે જેને આપણે કંપની બહારના હોવા સાથે સાંકળીએ છીએ

**તમારે હંમેશા કંપનીનાં શ્રેષ્ઠ હિતને ધ્યાનમાં રાખીને તમારી પ્રવૃત્તિઓ કરવી જોઈએ.**

હિતોનો સંઘર્ષ ઘણા સંજોગોમાં ઉદ્‌ભવી શકે છે, જેમ કે:

- કંપની વતી વ્યવહાર કરતા હો ત્યારે તમારી નિર્ણયશક્તિ બાબતે પ્રભાવિત થવું
- કોઈપણ વ્યાવસાયિક પ્રવૃત્તિમાં કંપની વિરુદ્ધ સ્પર્ધા કરવી
- વ્યવસાયને કંપનીથી દૂર બીજે દોરવો
- કંપનીનાં સંસાધનો અથવા વગનો દુરુપયોગ કરવો

## વ્યવસાય બહારના હિતો અને રોજગાર

McCain Foods તેમનાં પોતાના વ્યક્તિગત સમયમાં તેમનાં કામ બહારની નાણાકીય, વ્યાવસાયિક અને અન્ય પ્રવૃત્તિઓમાં ભાગ લેવાના કર્મચારીઓનાં અધિકારને સ્વીકારે છે અને તેનો આદર કરે છે. પરંતુ, બહારની પ્રવૃત્તિઓએ તમને તમારી ફરજો સાથે અથવા કંપની પ્રત્યે તમારી જવાબદારીઓ સાથે સંઘર્ષમાં અથવા જણાતા સંઘર્ષમાં ન મૂકવા જોઈએ અથવા કંપની પ્રત્યે તમારી ફરજો બજાવવાથી તમારું ધ્યાન બીજે ન દોરવું જોઈએ.

**તમારે કંપની વતીના તમારા નિર્ણયોમાં હસ્તક્ષેપ કરે અથવા કરી શકે તેવું કોઈ વ્યક્તિગત રોકાણ, હિત, જોડાણ અથવા સંબંધ ટાળવો જોઈએ.**

ઉદાહરણ તરીકે, તમારે આ ન કરવું જોઈએ:

- પ્રતિસ્પર્ધીને ત્યાં નોકરી કરવી અથવા પ્રતિસ્પર્ધીમાં નોંધપાત્ર વ્યાવસાયિક હિત ધરાવવું
- પુરવઠાકાર અથવા ગ્રાહકને ત્યાં નોકરી કરવી, તેમને પરામર્શ સેવાઓ પૂરી પાડવી અથવા તેમાં નોંધપાત્ર વ્યાવસાયિક હિત ધરાવવું સિવાય કે સૌપ્રથમ McCain Foods Limitedના પ્રમુખ અને મુખ્ય કાર્યકારી અધિકારી દ્વારા લેખિતમાં મંજૂરી આપવામાં આવે; આ મંજૂરીનું વાર્ષિક નવીનીકરણ થવું જોઈએ
- બીજી કંપનીનાં બોર્ડ ઑફ ડિરેક્ટર્સ પર પદ સ્વીકારવું સિવાય કે McCain Foods Limitedના પ્રમુખ અને મુખ્ય કાર્યકારી અધિકારી દ્વારા લેખિતમાં મંજૂરી આપવામાં આવે (આ નીતિ સખાવતી અને લાભ-નિરપેક્ષ સંગઠનોને બાકાત રાખે છે); આ મંજૂરીનું વાર્ષિક નવીનીકરણ થવું જોઈએ

# આપણી વ્યવસાય કરવાની રીત: હિતોનો સંઘર્ષ

## ગ્રાહકો, વિક્રેતાઓ અને પુરવઠાકારો સાથેના સંબંધો

જો તમે વિક્રેતાઓ અને પુરવઠાકારો પાસેથી માલ અને સેવાઓની પસંદગી કરવા અથવા ખરીદવા સાથે સંકળાયેલા હો, તો તમારે એવી પરિસ્થિતિઓ ટાળવી જોઈએ કે જે કંપનીનાં લાભ માટે મુક્ત અને સ્વતંત્ર નિર્ણયો લેવાની તમારી ક્ષમતામાં વિઘ્નરૂપ બની શકે, વિઘ્નરૂપ બનતી જણાય અથવા તેનાં વિશે શંકા ઉત્પન્ન કરે. ખરીદી અને વિક્રેતાને લગતા નિર્ણયો માત્ર વ્યાવસાયિક જરૂરિયાતો પર આધારિત હોવા જોઈએ.

જો તમને લાગે કે તમે હિતોના સંઘર્ષવાળી પરિસ્થિતિમાં છો, તો તમારા નિરીક્ષકની સલાહ લો અને વિનંતી કરો કે નિર્ણય લેવાની સત્તા બીજી વ્યક્તિને સોંપવામાં આવે અથવા તમને પરિસ્થિતિમાંથી દૂર કરવામાં આવે.

## સગાં-સંબંધીઓ

તમારે એવા સગાં-સંબંધીઓ હોઈ શકે છે જે McCain Foodsમાં નોકરી કરતા હોય અથવા McCain Foodsના ગ્રાહકો અથવા પુરવઠાકારોની પેઢીમાં રોકાણ કરતા હોય. જો તેમ હોય તો તમારે પરિવારના સભ્યનું નિરીક્ષણ ન કરવું જોઈએ, તેમનાં નિરીક્ષણ હેઠળ ન હોવું જોઈએ અથવા ખરીદીના નિર્ણયો અથવા પગાર અને રોજગારની શરતોને પ્રભાવિત કરવાની સ્થિતિમાં ન હોવું જોઈએ.

ઉપરાંત, જો તમારા પરિવારના સભ્યોમાંના એક McCain Foods સાથે વ્યવહાર કરતા ગ્રાહક અથવા પુરવઠાકારની કંપનીમાં નોકરી કરતા હોય અથવા તેનાં માલિક હોય, તો તમારે સુનિશ્ચિત કરવું જોઈએ કે આ હિતોના સંઘર્ષની પરિસ્થિતિ ઊભી ન કરે, ખાસ કરીને જ્યારે તમે તમારા નોકરીના ભાગરૂપે આમાંની કોઈ કંપની સાથે વ્યવહાર કરવાની વિવેકાધીન સત્તા ધરાવતા હો અથવા તમારા સંબંધી અન્ય કંપની વતી McCain Foods સાથે વ્યવહાર કરતા હોય.

જો તમને લાગે કે તમે સંઘર્ષની સ્થિતિમાં છો, તો તમારી સ્થાનિક માનવ સંસાધન ટીમની સલાહ લો અને પરિસ્થિતિ ચાલુ રાખવા માટે લેખિત મંજૂરી મેળવો.

### "સગાં-સંબંધી" એટલે કોણ?

- પતિ/પત્ની
- માતા/પિતા
- ભાઈ/બહેન
- દાદા/દાદી
- બાળક
- પૌત્ર/પૌત્રી
- લગ્નથી બનેલા સગાં-સંબંધી
- ડૉમેસ્ટિક પાર્ટનર
- તમારી સાથે રહેતા અથવા અન્યથા તમારા પર નાણાકીય રીતે આશ્રિત પરિવારના કોઈ સભ્ય

### વાંધાજનક અથવા અયોગ્ય ચુકવણીઓ

કંપનીનાં ઉત્પાદનો અને સેવાઓનું વેચાણ માત્ર ગુણવત્તા, સેવા, કિંમત અને માર્કેટિંગના અન્ય કાયદેસર ગુણોના આધારે કરવાનું છે.

**કોઈપણ વ્યક્તિ અથવા સંગઠનને, પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે, રુશ્વતો, લાંચો અથવા અન્ય અયોગ્ય ચુકવણીઓ આપવાની કડક મનાઈ છે. કોઈપણ સ્વરૂપે અને કોઈપણ હેતુસર, રુશ્વતો અથવા લાંચો સ્વીકારવાની પણ મનાઈ છે.**

ઉપરાંત, ગ્રાહક, એજન્ટ અથવા વિતરકને કોઈપણ દેશની જકાત, વેરો અથવા વિનિમય નિયંત્રણના કાયદાઓ ટાળવામાં મદદ કરવા માટે વધારે પડતું બિલિંગ અથવા ચુકવણીની અન્ય બનાવટી પદ્ધતિઓનો ઉપયોગ અયોગ્ય છે. આ નિયમો McCain Foods જ્યાં પણ વ્યવસાય કરે છે ત્યાં લાગુ પડે છે અને અન્ય દેશોના કાયદા અથવા વાણિજ્યિક રુશ્વતના કાયદાઓ હેઠળ ગેરકાયદેસર હોઈ શકે તેવી પ્રવૃત્તિઓથી આગળ વિસ્તરે છે.

જો તમને ખાતરી ન હોય કે ચુકવણીને અયોગ્ય ગણવામાં આવશે, તો તમારા નાણા નિયામક અથવા કાનૂની ટીમનો સંપર્ક કરો.

## પ્રશ્નો અને જવાબો

**એક નવા ગ્રાહકે ત્રીજા પક્ષકારને સામેલ કરતી ચુકવણીની ખાસ વ્યવસ્થા માટે વિનંતી કરી છે. હું જાણું છું કે પ્રતિસાદ આપવો અને સારા ગ્રાહક સંબંધો વિકસાવવા મહત્ત્વપૂર્ણ છે, પણ આ વિનંતી અસામાન્ય છે. મારે શું કરવું જોઈએ?**

એવી વિનંતીઓને પ્રતિસાદ આપતા પહેલાં તમારી સ્થાનિક કાનૂની ટીમ અથવા નાણા નિયામકની સલાહ લો. ધ્યાન રહે કે કેટલાક બજારોમાં ગેરકાયદેસર રીતે મેળવેલા પૈસાની ક્યારેક માલની કાયદેસર ખરીદી દ્વારા "હેરાફેરી" કરવામાં આવે છે. તમે ગ્રાહકને સંતુષ્ટ કરવા માંગતા હો, પરંતુ કોઈ સંદિગ્ધ વિનંતીઓ અંગે જાણ કરવાની ખાતરી કરો.

### સોગાતો અને મનોરંજન

McCain Foodsનાં ઉત્પાદનો અને સેવાઓ અને પુરવઠાકારો પાસેથી કરેલી ખરીદીઓ એવી કોઈ ધારણા અથવા સમજથી મુક્ત હોવી જોઈએ કે સાનુકૂળ વ્યવહારની માગણી કરવામાં આવી હતી, સાનુકૂળ વ્યવહારની આપલે કરવામાં આવી હતી, ભલે તે સોગાતો, સૌજન્યો, મનોરંજન, સેવાઓ અથવા અન્ય લાભોના સ્વરૂપે હોય.

**વ્યવસાયના સામાન્ય ક્રમમાં તમારે નોંધપાત્ર મૂલ્યની સોગાત અથવા સૌજન્ય આપવું કે સ્વીકારવું ન જોઈએ. જો તમને તે આપવામાં આવે તો વિવેકપૂર્વક ના પાડો અને તમારા મેનેજરને જણાવો.**

આ નીતિ વ્યાવસાયિક સંબંધોમાં સામાન્યપણે જેની આપલે થતી હોય છે તેવી ક્ષુલ્લક મૂલ્યની વસ્તુઓને લાગુ નથી પડતી, જેમ કે વણમાગી પરોણાગત, નામમાત્ર મૂલ્યની સોગાતો અથવા સ્મારક વસ્તુઓ જે પ્રચલિત અથવા વ્યવસાય સંબંધિત હોય. આ કિસ્સાઓમાં પણ, વિવેક અને કોઠાસૂઝ તમારા માર્ગદર્શક હોવા જોઈએ.

# આપણી વ્યવસાય કરવાની રીત: હિતોનો સંઘર્ષ

સામાન્ય રીતે, સોગાતો, સૌજન્યો અને મનોરંજન આ મુજબ હોવા જોઈએ:

- સ્વીકૃત વ્યાવસાયિક કાર્યપદ્ધતિ સાથે સુસંગત
- લાગુ પડતા કાયદાઓ અને સ્વીકૃત નૈતિક ધોરણોના પાલનમાં
- મૂલ્યમાં પર્યાપ્ત રીતે મર્યાદિત અને એવા સ્વરૂપમાં કે તેને રુશ્વત કે લાંચ ન ગણવામાં આવે
- એવા પ્રકારના કે હકીકતોનું સાર્વજનિક પ્રગટીકરણ કર્મચારી અથવા McCain Foodsની પ્રતિષ્ઠાને હાનિ ન પહોંચાડે

### મનોરંજન

પુરવઠાકારો, વિક્રેતાઓ અથવા ગ્રાહકો સાથે હળવું-મળવું સ્વીકાર્ય છે જ્યારે તે વ્યાજબીપણે સ્પષ્ટ વ્યવસાય આધારિત સંબંધ કેળવવાના આધાર પર હોય અને સ્વીકૃત સામાજિક ધોરણોની હદમાં હોય. ભોજન સાથેની બેઠકો ક્યારેક જરૂરી અને ઈચ્છનીય હોય છે; પરંતુ, કોઈપણ પ્રકારનું વધારે પડતું મનોરંજન સ્વીકાર્ય નથી.

### "નામમાત્ર મૂલ્ય"નો શો અર્થ છે?

કંપની સાથે વ્યવસાય કરનાર ગ્રાહક, પુરવઠાકાર અથવા અન્ય વ્યક્તિ અથવા કંપનીએ તમને આપેલી સોગાતો જો "નામમાત્ર મૂલ્ય"ની હોય તો જ સ્વીકારવી જોઈએ. વિવેક અને કોઠાસૂઝ તમારા માર્ગદર્શક હોવા જોઈએ. સામાન્ય રીતે નામમાત્ર મૂલ્યમાં પેનો, નોટપૅડ્સ, ટી-શર્ટ્સ, સોગાતરૂપે અપાતી નાની બાસ્કેટ્સ અને કૉફી મગ્સ જેવી વસ્તુઓનો ઉલ્લેખ થતો હોય છે. નામમાત્રથી વધારે મૂલ્યની વસ્તુઓ સ્વીકારવી કે આપવી ન જોઈએ. જો કોઈ શંકા હોય, તો તમારા નિરીક્ષકની સલાહ લો.

### પુરવઠાકારો અને ગ્રાહકોને અપાતી સોગાતો અને મનોરંજન

કંપનીનાં પુરવઠાકારો અથવા ગ્રાહકો માટે સોગાતો, ભોજનો અથવા મનોરંજનનું આયોજન કરતી વખતે, સોગાત કંપનીનાં વ્યાવસાયિક હિતોને સમર્થન આપતી હોવી જોઈએ અને વ્યાજબી અને યોગ્ય હોવી જોઈએ. સોગાતો, ભોજનો અને મનોરંજન પ્રાપ્ત કરવાના આપણા ગ્રાહકો અને પુરવઠાકારોના પોતાના નિયમો પ્રત્યે હંમેશા સંવેદનશીલ રહો.

### મુસાફરી અને ચડિયાતા પ્રસંગો

જો તમને ગ્રાહક, પુરવઠાકાર કે અન્ય વ્યાવસાયિક સહયોગી એવા કોઈ પ્રસંગ માટે આમંત્રણ આપે કે જેમાં શહેર બહાર મુસાફરી અથવા રાતવાસો કરવાનું સામેલ હોય અથવા ચડિયાતા પ્રસંગ માટે આમંત્રણ આપે, તો તમારી હાજરી માટે પર્યાપ્ત વ્યવસાયવિષયક તાર્કિક આધાર છે કે નહીં તે નક્કી કરવા તમારા નિરીક્ષકની સલાહ લો. જો પર્યાપ્ત વ્યવસાયવિષયક તાર્કિક આધાર હોય તો પ્રસંગમાં તમારી મુસાફરી અને હાજરી માટે કંપનીએ તમને ચુકવણી કરવી જોઈએ.

### નિરીક્ષકોને અપાતી સોગાતો

ખાસ પ્રસંગો માટે કર્મચારીઓ વચ્ચે અને નિરીક્ષ અને કર્મચારી વચ્ચે સોગાતોની આપલે સામાન્ય કાર્યપદ્ધતિ છે. પરંતુ, સોગાતોની ખરીદી અંગત ભંડોળમાંથી થવી જોઈએ - સિવાય કે તમારા મેનેજરે અગાઉથી મંજૂરી આપી હોય. ખાસ કરીને તમારા પર પ્રભાવ ધરાવતી કોઈ વ્યક્તિ સાથે, પ્રભાવની કોઈ સમજ ટાળવા માટે સોગાતો હંમેશા નામમાત્ર મૂલ્યની હોવી જોઈએ. વધુ માહિતી માટે, તમારી સ્થાનિક ખર્ચ અહેવાલ નીતિ (Expense Report policy) અને માર્ગદર્શક સૂચનાઓ જુઓ અથવા તમારા સ્થાનિક નાણા નિયામકનો સંપર્ક કરો.

### સોગાતો અથવા મનોરંજન નકારવું

જો તમને એવી સોગાત, ભોજન અથવા મનોરંજન આપવામાં આવે જેનું મૂલ્ય નામમાત્રથી વધારે હોય, તો વિવેકપૂર્વક નકારો અને કંપનીનાં નિયમો સમજાવો. જો સોગાત પાછી આપવાથી આપનાર નારાજ થતા હોય તો તમે સોગાત સ્વીકારી શકો છો, પરંતુ તમારે તમારા મેનેજરને તરત જણાવવું જોઈએ અને સોગાત સખાવતી સંસ્થાને દાન આપવા અથવા વસ્તુને કર્મચારીઓનાં મોટા સમૂહમાં વહેંચવા કે સોરટી કરવાનો વિચાર કરવો જોઈએ.

# પ્રશ્નો અને જવાબો

**એક જૂના ગ્રાહકે ડિલીવરી કરી આપવા બદલ આભાર વ્યક્ત કરવા મને સોગાત તરીકે સંગીત જલસાની બે ટિકિટો આપી છે. હું તેને સ્વીકારી શકું?**

McCain Foods સાથે વ્યવસાય કરનારા લોકો અથવા આપણી સાથે વ્યવસાય કરવા માગતા લોકો તરફથી મોંઘી સોગાતો અને અન્ય સૌજન્યો સ્વીકાર્ય નથી, કારણ કે આ સોગાતો ખાસ કરીને સામાન્ય ક્રમની ફરજોનો ભાગ ગણાતા કામ માટે છે. તેમને સ્વીકારતા પહેલાં ટિકિટોના મૂલ્યને ધ્યાનમાં લેતાં, તમારા વિવેકનો ઉપયોગ કરો.

**પુરવઠાકારને ત્યાં ગૉલ્ફ ટૂર્નામેન્ટમાં સહભાગીઓને ગૉલ્ફ શર્ટ્સ, શાનદાર ઇનામો અને ચાર વાનીઓવાળું ભોજન પૂરું પાડવામાં આવ્યું હતું. શું અમે આવા પ્રસંગોમાં ભાગ લઈ શકીએ, અને જો હા હોય, તો અમે આપેલી વસ્તુઓ અને ઇનામો સ્વીકારી શકીએ?**

જ્યાં સુધી પુરવઠાકારના ગૉલ્ફ ટૂર્નામેન્ટનો હેતુ કંપની અને તેનાં પુરવઠાકારો વચ્ચે સંબંધ વધારવાનો હોય, આને વ્યાવસાયિક પ્રસંગ ગણી શકાશે અને તેમાં તમારી હાજરી સ્વીકાર્ય રહેશે. અપાતી વસ્તુઓ અને ઇનામો પ્રસંગનો ભાગ હોવાથી તમે તેમને સ્વીકારી શકશો, પરંતુ તમારે તમારા નિરીક્ષકને તેની જાણ કરવી જોઈએ. અમે કર્મચારીઓને એવા વ્યાવસાયિક પ્રસંગોમાં મળેલી સોગાતો અને ઇનામો સ્થાનિક સખાવતી સંસ્થાઓને દાન કરવા પ્રોત્સાહિત કરીએ છીએ.

**મારા નિરીક્ષકને ત્યાં ખોળો ભરવાનો પ્રસંગ હતો. શું મારા માટે યોગ્ય છે કે અમે આપેલી ખાવાની વસ્તુઓ અને ખરીદેલી સોગાતોને હું મારા ખર્ચ અહેવાલમાં સામેલ કરું?**

ના. આવા પ્રસંગો પારિવારિક કંપનીની રચનાના ભાગરૂપ છે અને અમે તેને પ્રોત્સાહિત કરીએ છીએ. પરંતુ, તે વ્યાવસાયિક પ્રસંગો ન હોવાથી, આયોજન કરનાર સમૂહે ખર્ચ ભોગવવો જોઈએ, કંપનીએ નહીં.

# સંસાધનો

# સંસાધનો

## સંપર્ક

| વૈશ્વિક કાર્યાત્મક ટીમો | નીતિઓ/જવાબદારી |
| --- | --- |
| **સામાન્ય સલાહકાર (General Counsel)**<br>મુખ્ય કાનૂની અધિકારી (Chief Legal Officer)<br>McCain Foods Limited<br>439 King Street West<br>Toronto, Ontario<br>M5V 1K4<br>CANADA<br>ટેલિ: (૪૧૬) ૯૫૫-૧૭૦૦ | નીતિઓ:<br>**પ્રાદેશિક સ્પર્ધાને લગતી નીતિઓ:**<br>• સ્પર્ધાને લગતી નીતિ (Competition Policy) – કૅનેડા, ડે એન્ડ રૉસ<br>• સ્પર્ધાને લગતી નીતિ (Competition Policy) – USA<br>• સ્પર્ધાને લગતી નીતિ (Competition Policy) – UK અને યુરોપ<br>• સ્પર્ધાને લગતી નીતિ (Competition Policy) – ઑસ્ટ્રેલિયા<br>• સ્પર્ધાને લગતી નીતિ (Competition Policy) – ન્યુ ઝિલૅન્ડ<br>• સ્પર્ધાને લગતી નીતિ (Competition Policy) – પ્રદેશોનું સંતુલન<br>જવાબદારી:<br>• સ્પર્ધા<br>• ગુપ્તતા<br>• નિયમનકારી બાબતો |
| **વૈશ્વિક સપ્લાઈ ચેન (Global Supply Chain)**<br>સપ્લાઈ ચેનના મુખ્ય અધિકારી<br>(Chief Supply Chain Officer)<br>2275 Cabot Drive<br>Lisle, Illinois 60532-3653<br>USA<br>ટેલિ: (૬૩૦) ૮૫૭-૪૮૯૧ | નીતિઓ:<br>• વૈશ્વિક આરોગ્ય અને સુરક્ષાને લગતી માર્ગદર્શક સૂચનાઓ (Global Health & Safety Guidelines)<br>• વૈશ્વિક પર્યાવરણીય નીતિ (Global Environmental Policy)<br>• વૈશ્વિક જોખમી ઊર્જા નિયંત્રણ નીતિ (Global Hazardous Energy Control Policy)<br>• વૈશ્વિક ઘટના તપાસ અને રિપોર્ટિંગ નીતિ (Global Incident Investigation and Reporting Policy)<br>• વૈશ્વિક ઘટના નોંધલેખન નીતિ (Global Incident Recordkeeping Policy)<br>• વૈશ્વિક જોખમી રસાયણ નીતિ (Global Hazardous Chemicals Policy)<br>• સેલ ફોન સંબંધિત વૈશ્વિક માર્ગદર્શક સૂચનાઓ (Global Cell Phone Guidelines)<br>જવાબદારી:<br>• પર્યાવરણ<br>• આરોગ્ય અને સુરક્ષા<br>• પ્રાપ્તિ |
| **વૈશ્વિક માનવ સંસાધન (Global Human Resources)**<br>માનવ સંસાધનના મુખ્ય અધિકારી<br>(Chief Human Resources Officer)<br>McCain Foods Limited<br>439 King Street West<br>Toronto, Ontario<br>M5V 1K4<br>CANADA<br>ટેલિ: (૪૧૬) ૯૫૫-૧૭૦૦ | નીતિઓ:<br>• વૈશ્વિક વિવિધતાને લગતી માર્ગદર્શક સૂચનાઓ (Global Diversity Guidelines)<br>જવાબદારી:<br>• લોકો નીતિઓ અને કાર્યપદ્ધતિઓ |

# સંસાધનો

| વૈશ્વિક કાર્યાત્મક ટીમો | નીતિઓ/જવાબદારી |
|---|---|
| **વૈશ્વિક માહિતી સેવાઓ**<br>**(Global Information Services)**<br>મુખ્ય માહિતી અધિકારી<br>(Chief Information Officer)<br>McCain Foods Limited<br>107 Main Street<br>Florenceville, New Brunswick E7L 1B2<br>CANADA<br>ટેલિ: (૫૦૬) ૩૯૨-૫૫૪૧ | નીતિઓ:<br>• વૈશ્વિક કોમ્પ્યુટર ઉપયોગ નીતિ (Global Computer Use Policy)<br>• ઈમેલને લગતી વૈશ્વિક માર્ગદર્શક સૂચનાઓ (Global Email Guidelines)<br>જવાબદારી:<br>• ઈન્ફૉર્મેશન ટેક્નોલૉજી |
| **વૈશ્વિક આંતરિક ઑડિટ**<br>**(Global Internal Audit)**<br>ઉપ પ્રમુખ, આંતરિક ઑડિટ<br>(Vice President, Internal Audit)<br>McCain Foods Limited<br>439 King Street West<br>Toronto, Ontario<br>M5V 1K4<br>CANADA<br>ટેલિ: (૪૧૬) ૯૫૫-૧૭૦૦ | જવાબદારી:<br>• જોખમ વ્યવસ્થાપન<br>• છેતરપિંડી<br>• વીમો |
| **વૈશ્વિક નાણા વ્યવસ્થા (Global Finance)**<br>મુખ્ય નાણાકીય અધિકારી<br>(Chief Financial Officer)<br>McCain Foods Limited<br>439 King Street West<br>Toronto, Ontario<br>M5V 1K4<br>CANADA<br>ટેલિ: (૪૧૬) ૯૫૫-૧૭૦૦ | નીતિઓ:<br>• વૈશ્વિક નાણા વ્યવસ્થાને લગતી ધોરણસરની કાર્યપદ્ધતિ અંગેનું સૂચના પુસ્તક (Global Finance Standard Practice Instruction Manual)<br>• વૈશ્વિક મુસાફરી અને ખર્ચ નીતિ (Global Travel & Expense Policy)<br>• વૈશ્વિક ક્રેડિટ કાર્ડ નીતિ (Global Credit Card Policy)<br>જવાબદારી:<br>• નાણાકીય નિયંત્રણો<br>• સંકટ વ્યવસ્થાપન |
| **વૈશ્વિક સંદેશાવ્યવહાર**<br>**(Global Communications)**<br>મુખ્ય સંદેશાવ્યવહાર અધિકારી<br>(Chief Communications Officer)<br>McCain Foods Limited<br>439 King Street West<br>Toronto, Ontario<br>M5V 1K4<br>CANADA<br>ટેલિ: (૪૧૬) ૯૫૫-૧૭૦૦ | જવાબદારી:<br>• સંકટ વ્યવસ્થાપન<br>• કંપનીની માહિતીનું પ્રગટીકરણ |

It's all good™

મને McCain Foodsની આચાર સંહિતા મળી છે અને મેં તેને વાંચી છે અને હું સમજું છું કે તેનું પાલન કરવાની મારી ફરજ છે.

જો સંહિતાનો કોઈ એવો વિભાગ હોય જે તમને ન સમજાતો હોય, તો તમારા મેનેજર અથવા સ્થાનિક માનવ સંસાધન ટીમને સ્પષ્ટીકરણ આપવા કહો. મૅકકેન લર્નિંગ સેન્ટર (McCain Learning Centre) સંહિતાની ઑનલાઇન આવૃત્તિ પૂરી પાડે છે જે વિનામૂલ્ય હોય છે અને સરળતાથી સમજી શકાય છે. સુનિશ્ચિત કરો કે તમે આ સ્વીકૃતિના પ્રમાણપત્ર પર સહી કરતા પહેલાં સંહિતાને સમજી લો.

કર્મચારીનું નામ

કર્મચારીની સહી | તારીખ

કચેરી માટેની નકલ

It's all good™

મને McCain Foodsની આચાર સંહિતા મળી છે અને મેં તેને વાંચી છે અને હું સમજું છું કે તેનું પાલન કરવાની મારી ફરજ છે.

જો સંહિતાનો કોઈ એવો વિભાગ હોય જે તમને ન સમજાતો હોય, તો તમારા મેનેજર અથવા સ્થાનિક માનવ સંસાધન ટીમને સ્પષ્ટીકરણ આપવા કહો. મૅકકેન લર્નિંગ સેન્ટર (McCain Learning Centre) સંહિતાની ઑનલાઇન આવૃત્તિ પૂરી પાડે છે જે વિનામૂલ્ય હોય છે અને સરળતાથી સમજી શકાય છે. સુનિશ્ચિત કરો કે તમે આ સ્વીકૃતિના પ્રમાણપત્ર પર સહી કરતા પહેલાં સંહિતાને સમજી લો.

કર્મચારીનું નામ

કર્મચારીની સહી | તારીખ

કર્મચારી માટેની નકલ

It's all good™

McCain Foods Limited
439 King Street West
Toronto, Ontario
M5V 1K4
Canada
(૪૧૬) ૯૫૫-૧૭૦૦
(૪૧૬) ૯૫૫-૧૭૫૫

*McCain Foods Limited* આ સંહિતામાં કોઈપણ સમયે અને કોઈપણ કારણસર સુધારો કરવા, ફેરફાર કરવા અથવા તેને સમાપ્ત કરવાનો અધિકાર સુરક્ષિત રાખે છે

© ૨૦૦૯ McCain Foods Limited ♻ ૧૦૦% ઉપભોક્તા દ્વારા ઉત્પન્ન રદ્દી રિસાઇકલ્ડ કાગળ પર છાપેલ

## ઈમેલ: codeconnection@McCain.com

નોંધ: આ ઈમેલ McCainની વૈશ્વિક માનવ સંસાધન ટીમને મોકલવામાં આવે છે, નીચે દર્શાવેલ ત્રીજા પક્ષકારની ખાનગી સેવાને નહીં. જો તમે અનામી અથવા ત્રીજા પક્ષકારને કૉલ કરવાનું પસંદ કરો, તો કૃપા કરી નીચે દર્શાવેલ નંબરો પર કોડ કનેક્શનને ફોન કરો.

### કોડ કનેક્શન: ૨૪-કલાકની ટોલ-ફ્રી હૉટલાઈન

| પ્રદેશ | ટેલિફોન ઑપરેટર | ટેલિફોન નંબર |
|---|---|---|
| ઉત્તર અમેરિકા | | ટોલ-ફ્રી 1-888-McCain8 (૧-૮૮૮-૬૨૨-૨૪૬૮) |
| અર્જેન્ટિના | Telecom Argentina | ટોલ-ફ્રી ૦-૮૦૦-૪૪૪-૯૧૨૩ |
| | Telefonica de Argentina | ટોલ-ફ્રી ૦-૮૦૦-૬૬૬-૧૭૮૬ |
| કોલંબિયા | Orbitel | ટોલ-ફ્રી ૦૧-૮૦૦-૫૧૮-૦૫૨૯ |
| | Telecom Colombia | ટોલ-ફ્રી ૦૧-૮૦૦-૯૧૨-૦૧૦૫ |
| તમામ અન્ય દેશો (યુરોપ ખંડ સિવાય) | | ૭૭૦–૭૭૬–૫૬૨૦<br>કૉલ કલેક્ટ, ટેલિપ્રૉમ્પટ નેટવર્ક પાસેથી ચાર્જિસ સ્વીકાર કરાવે છે અને ત્યારબાદ અનુવાદક લાઈન પર આવે છે અને ભાષાવિષયક જરૂરિયાત જાણવા માગે છે |

*યુરોપ ખંડ: સમગ્ર યુરોપ ખંડમાં ગુપ્તતાના કાયદાઓને લીધે કોડ કનેક્શન ઉપલબ્ધ નથી. આ પ્રદેશમાંના McCain કર્મચારીઓને તેમની સ્થાનિક માનવ સંસાધન ટીમ, વરિષ્ઠ મેનેજમેન્ટની સલાહ લેવાની અથવા McCainના વૈશ્વિક વિભાગોનો સંપર્ક કરવાની ભલામણ કરવામાં આવે છે. તમારી પૂછપરછ અનામી નહીં હોય, છતાં તેને ખાનગી રાખવામાં આવશે.*